જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૦૫-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોંગ્રેસ અધ્યક્ષે વાયનાડ બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું,રોડ શૉ કર્યો

પીએમ મોદી, સંઘ અને ભાજપ દક્ષિણ ભારતીયોના વિરોધી: રાહુલ ગાંધી

વાયનાડ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુરુવારે કેરળની વાયનાડ લોકસભા સીટ માટે ઉમેદવારીપત્ર ભર્યું. ત્યારબાદ તેઓએ પોતાની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાની સાથે રોડ શો પણ કર્યો જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકો સામેલ થયા. રોડ શો બાદ રાહુલ ગાંધીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, હું કેરળ એટલા માટે આવ્યો છું જેથી અહીંના લોકોને સંદેશ આપી શકું કે દેશ તેમની સાથે ઊભો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંઘ અને બીજેપીની વિચારધારા દક્ષિણ ભારતના લોકોની







વિરુદ્ધ છે. હું સંદેશ આપવા માંગું છું કે નોર્થથી પણ લડીશ અને સાઉથથી પણ લડીશ. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત એક દેશ છે. એક સંસ્કૃતિ છે. આ સંદેશ આપવા વાયનાડ આવ્યો છું.

કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, હું સમજી શકું છું કે સીપીએમના મારા ભાઈ-બહેનો હવે મારી વિરુદ્ધ નિવેદન આપવા લાગ્યા છે અને મારી પર હુમલો કરી રહ્યા છે. પરંતુ હું આ સમગ્ર કેમ્પેન દરમિયાન તેમની વિરુદ્ધ એક શબ્દ પણ નહીં બોલું.

મારા ભાઈનું ધ્યાન રાખો,તમને નિરાશ નહીં કરેઃ પ્રિયંકા ગાંધી

રાહુલ ગાંધીનું વાયનાડ ખાતેથી ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ બહેન પ્રિયંકાએ ટ્વીટર પર ટ્વીટ કરીને લોકોને ભાઈ પર વિશ્વાસ રાખવાની અપીલ કરી હતી. સાથે જ તેમને લખ્યું કે, મારા ભાઈનું ધ્યાન રાખો, તેઓ તમને નિરાશ નહીં કરે.

રાહુલે વાયનાડને પોતાની પરંપરાગત અમેઠી બેઠક ઉપરાંત બીજી બેઠક તરીકે પસંદ કરી છે. આમ દક્ષિણ ભારતમાંથી લોકસભા ચૂંટણી લડનારા ગાંધી પરિવારના તેઓ ત્રીજા સભ્ય બન્યા છે. અગાઉ ઈન્દિરા ગાંધી ૧૯૭૮માં ચિકમંગલુર તેમજ ૧૯૯૮માં સોનિયા ગાંધી બેલારી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા.

વાયનાડ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાની રણનીતિને પગલે કોંગ્રેસ અહીંના લઘુમતિ મતોનું ધ્રુવીકરણ કરવા પ્રયાસ કરશે. આ ઉપરાંત વાયનાડ બેઠક ત્રણ રાજ્યો કેરળ, તામિલનાડુ અને કર્ણાટકને જોડતી હોવાથી રાજકીય રીતે વધુ મહત્વ ધરાવે છે. વાયનાડ બેઠક પર ૨૩મી એપ્રિલે ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે. આ બેઠક પરથી એનડીએના સહયોગી ભારત ધર્મ જન સેનાના અધ્યક્ષ તુષાર વેલ્લાપલ્લીએ બુધવારે ફોર્મ ભર્યું હતું.

કોંગ્રેસના રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત બાદ ડાબેરીઓ તેમજ ભાજપે તેમની ભારોભાર ટીકા કરી હતી.

વિપક્ષ કોંગ્રેસ આ યાદીમાં છઠ્ઠા સ્થાન પર છે,જેમણે જાહેરાતો પર ૫૪,૧૦૦ ખર્ચ કર્યો છે

ગૂગલમાં જાહેરાતો પર સૌથી વધારે ખર્ચ કરનાર રાજનૈતિક પાર્ટી ભાજપ..!!

ન્યુ દિલ્હી

ગુગલમાં જાહેરાતો આપવાના મામલે બીજેપી એ તમામ રાજનૈતિક પાર્ટીઓને પાછળ છોડી દીધી છે. જ્યારે જાહેરાતો પર ખર્ચ કરવાની બાબતે કોંગ્રેસ છઠ્ઠા નંબર પર છે. 'ભારતીય પારદર્શિતા રિપોર્ટ' અનુસાર રાજનેતિક પાર્ટીઓ દ્વારા જાહેરાત આપવામાં ફેબ્રુઆરી ૨૦૧૯ સુધીમાં ૩.૭૬ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ જાહેરાતો પર ૧.૨૧ કરોડ રૂપિયા ખર્ચ કરવાની સાથે આ યાદીમાં પ્રથમ સ્થાન પર છે. જે ગુગલ પર કરવામાં આવેલી કુલ જાહેરાતોના લગભગ ૩૨ ટકા છે.

જ્યારે વિપક્ષી દળ કોંગ્રેસ આ યાદીમાં છઠ્ઠ નંબરે આવે છે. જેણે જાહેરાતો પાછળ આશરે ૫૪,૧૦૦ રૂપિયા જેટલો ખર્ચ કર્યો છે. રિપોર્ટ અનુસાર બીજેપી બાદ આ યાદીમાં આંધ્રપ્રદેસની જગવ મોહન રેડ્ડીના નેતૃત્વ વાળી વાયએસઆર કોંગ્રેસ પાર્ટી છે. જેણે જાહેરાતો પાછળ કુલ ૧.૦૪ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો છે. 'પમ્મી સાઇ ચરણ રેડ્ડી (પ્રચારક)એ વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોના પ્રચાર માટે ૨૬,૪૦૦ રૂપિયા ખર્ચ કર્યા છે. રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે, કે તેલુગુ દેસમ પાર્ટી (તેદેપા) અને તેના પ્રમુખ ચંદ્ર બાબુ નાયડૂના પ્રચાર કરનારી પ્રમાણ્ય સ્ટ્રેટજી રંસલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ' ૮૫.૨૫ લાખ ખર્ચ કરવાની સાથે જ આ યાદીમાં ત્રીજા સ્થાન પર છે.

પંખાજૂરમાં સંદિગ્ધ પ્રવૃત્તિને કારણે જવાનો સર્ચ પર નીકળતા નક્સલીઓએ ટાર્ગેટ કર્યા

છત્તીસગઢમાં નક્સલીઓનો આતંકઃ ૪ BSF જવાન શહિદ

કાંકેર

લોકસભા ચૂંટણી પહેલા જ નક્સલીઓએ ફરી એકવાર છત્તીસગઢમાં જવાનોને નિશાન બનાવ્યા છે. છત્તીસગઢના કાંકેરમાં ગુરુવારે સુરક્ષાબળો અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ એક્રાઉન્ટરમાં BSFનાં ચાર જવાન શહીદ થયા છે. જ્યારે અન્ય બે જવાન ઘવાયા છે. ઘાયલ જવાનોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અહીં હાલ પણ એક્રાઉન્ટર ચાલુ છે.

એન્ટી નક્સલ ઓપરેશનના ડીજીઆઈ સુંદરાજ પીએ જણાવ્યું કે, ગુરુવાર સવારે નક્સલીઓની ભાળ મળી હતી. જેથી બીએસએફ-૧૧૪ બટાલિયના જવાનો સર્ચિંગ પર નીકળ્યા હતા. પંખાજૂરથી આશરે ૩૫ કિમી દુર પ્રતાપુર વિસ્તારમાં મોહલાના જંગલોમાં જવાનો પર હુમલો



અથડામણમાં અન્ય બે જવાન ઘાયલ,૧૮ એપ્રિલે કાંકેરમાં મતદાન યોજાશે,નક્સલીઓએ ચૂંટણીનો વિરોધ કરી લોકોને મતદાન ન કરવાની ધમકી આપી હતી

કરવામાં આવ્યો હતો. જેમાં એક જવાન ઈ રામકૃષ્ણનનું ઘટના સ્થળે જ શહીદ થયા હતા. બાકીના ત્રણ જવાનોએ હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પંખાજુર વિસ્તારમાં સંદિગ્ધ પ્રવૃત્તિઓને કારણે BSFના જવાન સર્ચ ઓપરેશન માટે નીકળ્યા હતા. આ દરમિયાન નક્સલીઓએ તેમની પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ઘટનાની જાણ થતા જ સેનાની ફોર્સને ઘટનાસ્થળે મોકલી દેવામાં આવી છે. આ વિસ્તારમાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે એક્રાઉન્ટર ચાલુ છે. ૧૮ એપ્રિલના રોજ બીજા તબક્કામાં કાંકેરમાં મતદાન યોજાવાનું છે. થોડા દિવસો પહેલા જ નક્સલીઓએ ચૂંટણીનો વિરોધ કર્યો હતો. લોકોએ મતદાન ન કરવાની ધમકી આપી હતી.

મારી પાસે પૈસા નથી,પત્ની-બાળકોના પૈસે જીવન નિર્વાહ ચાલે છેઃ વિજય માલ્યા

લંડન

ભાગેડુ વિજય માલ્યાનું કહેવું છે કે હવે તેની પાસે જીવન નિર્વાહ કરવા માટે પૈસા નથી. માલ્યાનું કહેવું છે કે તે પોતાની પાર્ટનર, પર્સનલ આસિસ્ટન્ટ, પરિચિત વેપારીઓ અને બાળકો પર નિર્ભર છે. વિજય માલ્યાએ આ વાત ૧૩ બેંકો દ્વારા તેની વિરુદ્ધ નોંધવામાં આવેલી બેંકરપ્ટસી પિટિશનના જવાબમાં કહી છે. પિટિશનના જવાબમાં માલ્યાએ કહ્યું કે તેની વ્યક્તિગત સંપત્તિ માત્ર ૧૯૫૬ કરોડ રૂપિયા રહી ગઈ છે અને તેણે આ તમામ સંપત્તિ બેંકો સાથે સેટલમેન્ટ માટે કર્ણાટક હાઈકોર્ટની સામે રજૂ કરી દીધી છે. બેંકોએ માલ્યા દ્વારા આપવામાં આવેલી આ



જાણકારીને યૂકે કોર્ટને શેર કરી છે. બેંકોએ કોર્ટને જણાવ્યું કે માલ્યાની પત્ની પિંકી લલવાની વાર્ષિક ૧.૩૫ કરોડ રૂપિયા કમાય છે. માલ્યાએ પોતાની પર્સનલ આસિસ્ટન્ટ અને એક પરિચિત વેપારીથી ૭૫.૭ લાખ અને ૧.૧૫ કરોડ રૂપિયા ઉધાર પણ લીધા છે. તેનું કહેવું છે કે તેણે જીવન નિર્વાહ અને કેટલાંક દેવાં ચૂકવવા માટે આ પૈસા ઉધાર લીધા છે.







સુરત લોકસભા બેઠક પર ઉમેદવારી નોંધવવા આવી પહોંચેલા ભાજપના ઉમેદવાર શ્રીમતી દર્શનાબેન જરદોશ સાથે કલેક્ટર કચેરીમાં આવી પહોંચેલા કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા, રાજ્યા આરોગ્યમંત્રી કુમાર કાનાણી, સુરત ભાજપ પ્રમુખ નીતિન ભજીયાવાલા વગેરે તસ્વીરમાં નજરે પડે છે.

સુરત બેઠક માટે ભાજપના દર્શના જરદોશ અને કોંગ્રેસના અશોક પટેલની ઉમેદવારી

ઉમેદવારી નોંધાવવાના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો સરઘસ સાથે ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા

સુરત

આજે લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે ગુજરાતમાં ઉમેદવારી નોંધવાના છેલ્લા દિવસે ભાજપના દર્શના જરદોશ અને કોંગ્રેસના અશોક પટેલ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે હાજર રહી ઉમેદવારી ફોર્મ જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કર્યા હતા.

કોંગ્રેસના સુરત બેઠક માટે જાહેર થયેલ ઉમેદવાર અશોક પટેલ (અધેવાડ) દ્વારા સવારે ૯.૩૦ કલાકે વરાછા માનગઢ ચોક ખાતે કાર્યકરો સાથે ભેગા થયા હતા. ત્યાંથી વાહન રેલી કાઢીને અઠવાગેટ ખાતે આવેલ જિલ્લા સેવા સદન સ્થિત જિલ્લા કલેક્ટર કચેરી ગયા હતા. આ પ્રસંગે કોંગ્રેસ અગ્રણી કદીરભાઈ પીરઝાદા, સુરત શહેર કોંગ્રેસ અધ્યક્ષ બાબુભાઈ રાયકા, કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયા સહિત મોટી સંખ્યામાં કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ઉમેદવાર અશોક પટેલ દ્વારા જિલ્લા કલેક્ટર ડૉ. ધવલ પટેલ સમક્ષ ઉમેદવારી ફોર્મ રજૂ કરી ચૂંટણી લડવા માટે દાવેદારી કરી હતી.

ભાજપના ઉમેદવાર દર્શનાબેન જરદોશને ત્રીજી વખત ઉમેદવારી ફોર્મ ભરવાના હોવાથી સવારે ૧૧.૩૦ કલાકે અઠવાગેટ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ નજક કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ભાજપના અગ્રણી નેતા પુરૂષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિ વચ્ચે દર્શના જરદોશની રેલી જિલ્લા કલેક્ટર ઓફિસે પહોંચી હતી. આ પ્રસંગે સુરત શહેર ભાજપા અધ્યક્ષ નીતિનભાઈ ભજીયાવાલા, મંત્રી કિશોરભાઈ કાનાણી સહિત શહેર ભાજપના પદાધિકારીઓ, કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાંસદ દર્શના જરદોશ દ્વારા ગતરોજ ગુપચુપ ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ આજે રેલી કાઢી શક્તિ પ્રદર્શન સાથે બીજો ફોર્મ ભર્યો હતો.

આજે ઉમેદવારી નોંધવાનો છેલ્લો દિવસ હોવાથી મુખ્ય રાજકીય પક્ષો ઉપરાંત અન્ય પક્ષોના ઉમેદવારો દ્વારા પણ ફોર્મ ભરવામાં આવ્યું હતું. આવતીકાલે ફોર્મની ચકાસણી થશે અને ૮મી એપ્રિલે અંતિમ યાદી બહાર પાડવામાં આવશે. ૨૩ એપ્રિલના રોજ મતદાન થશે. તેમજ ૨૩ મે ૨૦૧૯ના રોજ મતગણતરી થશે.



સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અસોકભાઈ પટેલ (આધેવાડ) સુરતના મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ પોતાની ઉમેદવારી નોંધવવા ઉપસ્થિત થયા હતા. કોંગ્રેસના ઉમેદવાર સાથે પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા ભૂતપૂર્વ મેયર કદીર પીરઝાદા સુરત શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બાબુભાઈ રાયકા, મનપા વિરોધ પક્ષ નેતા પપન તોગડીયા વગેરે તસ્વીરમાં નજરે પડે છે.

સચીન-હજીરા રોડ પર વેપારીને ડંડા મારી રોકડા રૂા.૩.૫૦ લાખની લૂંટ

ચાર યુવકોએ બાઈક સવાર રાંદેરના વેપારીને લૂંટી લીધો

સુરત

રાંદેરના વેપારી પોતાની મોટર સાયકલ ઉપર સચીન-હજીરા રોડ દારૂવાળા પેટ્રોલ પંપ પાસેથી પસાર થતાં હતા. ત્યારે ચાર અજાણ્યા વ્યક્તિએ લાકડાના ડંડાથી હુમલો કરી રોકડા રૂપિયા ૩,૫૦,૦૦૦ લૂંટીને નાસી ગયા હતા.

ડુમસ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાંદેર કોઝવે ફેજ એપાર્ટમેન્ટમાં રહેતાં વેપારી મહંમદ ઉવેશ ઈકબાલભાઈ પારબાનીયા પોતાની મોટર સાયકલ ઉપર સચીન હજીરા રોડ પાસેથી પસાર થતા હતા. ત્યારે લાકડાના ડંડા સાથે ધસી આવેલા ચાર અજાણ્યા વ્યક્તિએ ફરિયાદી મહંમદ ઉવેશને આંતરી માર મારી રોકડા રૂા.૩,૫૦,૦૦૦ની લૂંટ કરી નાસી ગયા હતા. ડુમસ પોલીસે લૂંટનો ગુનો નોંધી પો.સ.ઈ. ડી.એન. પરમારે તપાસ હાથ ધરી છે. બાઈક સવાર રાંદેરના વેપારી પાસેથી મોટી રકમ લૂંટી જનાર ચાર લૂંટારૂઓને ઝડપી પાડવા ડુમસ પોલીસે ચક્રો ગતિમાન કરવા સાથે આસપાસના વિસ્તારના સીસી કેમેરા ફુટેજની તપાસ હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

એએસઆઈ રૂ. ૨૦ હજારની લાંચ લેતાં ઝડપાયો



સુરત

સલાબતપુરા પોલીસ સ્ટેશનના એએસઆઈ ૨૦ હજાર રૂપિયાની લાંચ લેતા રિંગરોડ પર જાહેરમાં ઝડપાઈ ગયા છે. જુગારના કેસમાં વોન્ટેડ આરોપીને પોલીસ સ્ટેશનમાં હાજર કરવાનું, તેને મારઝૂડ નહીં કરવાનું અને પોલીસ સ્ટેશનમાંથી જ જામીન પર મુક્ત કરવા માટે લાંચ માંગી હતી.

થોડા દિવસો પહેલા સલાબતપુરામાં જુગારના કેસ કરવામાં આવ્યો હતો. તેમાં એક યુવક પકડવાનો બાકી હતો. તે યુવકને પોલીસ સ્ટેશનમાં હાજર થાય અને તેને મારઝૂડ ન કરે કે અન્ય હેરાનગત નહીં કરીને પોલીસ સ્ટેશનમાંથીજ જામીન પર છોડી મૂકવા માટે એએસઆઈ અશોક મોતીદામ ૨૦ હજાર રૂપિયાની લાંચ માંગી હતી. જોકે જુગારના કેસમાં ઝડપાયેલા યુવકને લાંચ આપવી ન હોવાથી તેને એન્ટી કરપ્શનનો બ્યૂરોમાં ફરિયાદ કરી હતી. અશોક મોતીદામ યુવકને રિંગરોડ પર ૨૪ કેરેટ મલાઈની દુકાન પાસે બોલાવ્યો હતો. એન્ટી કરપ્શનનો બ્યૂરો ત્યાં છટકું ગોઠવ્યું હતું. ત્યાં યુવક પાસેથી લાંચના ૨૦ હજાર રૂપિયા લેતા અશોક મોતીદામ એન્ટી કરપ્શનનો બ્યુરોના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

દાહોદ બેઠક પર બાબુભાઈ કટારા અને ભરૂચથી શેરખાન પઠાણને મળી ટિકિટ

દાહોદ-ભરૂચ

લોકસભા ચૂંટણીને લઈ ગુરૂવારે ગુજરાતમાં ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો. ભાજપ દ્વારા ૨૬ બેઠક પર ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે, જ્યારે કોંગ્રેસ દ્વારા પણ બાકી રહેલી બે બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા.

કોંગ્રેસ દ્વારા ભરૂચ બેઠક પર શેરખાન પઠાણના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે ભાજપ દ્વારા આ બેઠક પર મનસુખ વસાવાને ટિકિટ આપવામાં આવી છે. મનસુખ વસાવાને ભાજપે રિપિટ કર્યા છે.

આ ઉપરાંત દાહોદ બેઠક પરથી કોંગ્રેસે બાબુ કટારાને ટિકિટ આપી છે. જ્યારે ભાજપે આ બેઠક પર જશવંતસિંગ ભાભોરને રિપિટ કર્યા છે. બાબુ કટારાએ સભા સ્થળે પહોંચતા પહેલા માન્ડલેશ્વર મહાદેવ મંદિરે પૂજા કરી હતી. કોંગ્રેસે બંને લોકસભાની બેઠકો સાથે ઉંજા વિધાનસભાની પેટા ચૂંટણી માટે પાટીદાર અગ્રણી કામુ પટેલની પસંદગી કરી છે. આ બેઠકના ધારાસભ્ય આશા બહેન પટેલ ભાજપમાં જોડાતા ઉંજા સીટ પર પેટા ચૂંટણી જાહેર થઈ છે. આ બેઠક પર ભાજપ તરફથી આશા બહેન પટેલ ઉમેદવાર તરીકે પ્રબળ દાવેદાર છે. અગાઉ કોંગ્રેસ પાર્ટી દ્વારા મંગળવારે રાત્રે જામનગર ગ્રામ્ય, માણાવદર અને પ્રાંગધ્રા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા હતા.

સિવિલમાં સમય કરતા વહેલા ઓપીડી બંધ કરતા દર્દીઓએ હોબાળો મચાવ્યો

સુરત

નવી સિવિલ હોસ્પિટલની મેડિસીન વિભાગની ઓપીડી બહાર રોજની જેમ જ દર્દીઓની લાઈન હતી. ટોકન માટે કેસ પેપર માટે અને ત્યાર બાદ ઓપીડીની બહાર કલાકો થી દર્દીઓ લાઈનમાં ઉભા હતા. ત્યાં એક વાગ્યાના બદલે ૧૨:૩૦ કલાકે ઓપીડીનો દરવાજો સિક્યુરીટીએ બંધ કરી કેસ પેપર હાથમાં લઈ ઉભેલા દર્દીઓને ૪:૦૦ વાગ્યે આવવાનું કહેતા દર્દીઓ રોષે ભરાયા હતા. જેથી દર્દીઓએ સુપ્રિટેન્ડન્ટ ડો.ગોવેકરને ઉગ્ર રજુઆત કરતા તેઓ જાતે દર્દીઓ સાથે ઓપીડી પર પહોંચ્યા હતા અને સિકયોરિટીને દર્દીઓને અંદર જવા દેવા સૂચના આપી હતી જેથી સિક્યુરિટી એ દર્દીઓને અંદર જવા દીધા હતા.

જોકે સુપ્રિટેન્ડન્ટ જતા રહ્યા બાદ અંદર ગયેલા દર્દીઓના કેસ પેપર પર



સિક્કા મારી આપવામાં આવ્યા ન હતા અને તેમને ફરીથી બહાર નો રસ્તો દેખાડી દેવાયો હતો. જોકે આ બાબતે મેડિસીન વિભાગની ઓપીડી માં હાજર પ્રોફેસર ડો.કે.એન. ભટ્ટે સ્ટાફ ઓછો હોવાનું કારણ આગળ ધરી દીધું હતું અને સિક્યુરિટી તેમજ અન્ય સ્ટાફ દર્દીઓને અંદર આવવા દેતો ન હોવાનો બચાવ કર્યો હતો.



સુરત કલેક્ટર કચેરીમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે સામાન્ય બાબતે વાત વણસતા ઘર્ષમની સ્થિતિ નિર્માણ પામી હતી. બન્ને પક્ષના કાર્યકરો વચ્ચે સર્જાયેલા ઘર્ષણ દરમિયાન કોંગ્રેસના મહિલા કોર્પોરેટર કપિલા પટેલના વસ્ત્રો ફાટી ગયા હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.

સુરત જિલ્લા કલેક્ટર કચેરીમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ

ઉમેદવારી નોંધાવવા એક જ સ્થળે એક જ સમયે બન્ને પક્ષના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડતા સામાન્ય બાબતમાં મામલો બિચક્યો

સુરત

આજે બપોરે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી કરવાના અંતિમ દિવસે બન્ને મુખ્ય રાજકીય પક્ષના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહેતા અને વાહન પાર્ક કરવાની સામાન્ય બાબતે ઘર્ષણ થતા મામલો ઉગ્ર બન્યો હતો.

ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે છુટાહાથની મારામારી થતા મહિલા કોર્પોરેટના કપડા ફાટી ગયા હતા. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

સુરત જિલ્લા સેવા સદન ખાતે આજે બપોરે કોંગ્રેસના ઉમેદવાર અશોક પટેલ અને ભાજપના ઉમેદવાર દર્શના જરદોશ ઉમેદવારી નોંધવા માટે મોટી સંખ્યામાં કાર્યકરો, સમર્થકો સાથે હાજર રહ્યા હતા. રસ્તા ઉપર પાર્ક કરેલ કોંગ્રેસની ગાડીઓને પોલીસ દ્વારા ખસેડવાની વાત કરી હતી.

ભાજપના કાર્યકરોના વાહનો પણ રસ્તામાં પાર્ક કર્યા હતા. જે પોલીસ ખસેડતી ન હતી. આ અંગે કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે જીભાજોડી બાદ મોટો હોબાળો થયો હતો. કાર્યકરો વચ્ચે છુટા હાથની મારામારી થઈ હતી. આ દરમિયાન કોંગ્રેસની મહિલા કોર્પોરેટર કપિલા પટેલના કપડા ફાડવામાં આવ્યા હતા. જ્યારે મેઘના પટેલને માથામાં ઈજા થઈ હતી. આ પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસને હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. પરિસ્થિતિ થાળે પાડવા માટે કોંગ્રેસના નેતા સિનીયર નેતાઓએ તેમજ ભાજપના આગેવાન સી.આર. પાટીલ અને નીતિનભાઈ ભજીયાવાલાએ કાર્યકરોને સમજાવીને મામલો થાળે પાડવાનો પ્રયત્ન કર્યો હતો. આખરે પોલીસ કોર્પોરેટર કપિલા પટેલને ઉમરા પોલીસ મથકે લઈ ગઈ હતી. સારવાર માટે કપિલા પટેલ, મેઘના પટેલ સહિત ઘાયલ મહિલા કાર્યકર્તાઓને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. એમએલસી કેસ થયા બાદ તબીબનો સર્ટીફિકેટ મેળવી પોલીસ ફરિયાદ નોંધાવાઈ તેવી પ્રબળ શક્યતા છે.

હાર્દિક પટેલને ઝટકો, અરજીની તાત્કાલિક સુનાવણી પર સુપ્રીમનો ઈનકાર

અમદાવાદ

લોકસભાની ચૂંટણી લડવાની 'પાસ' અને કોંગ્રેસના નેતા હાર્દિક પટેલની મહેચ્છા પર હવે પૂર્ણવિરામ મુકાઇ ગયું છે. સુપ્રીમ કોર્ટે ગુરૂવારે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે રાયોટિંગના ગુનામાં થયેલા બે વર્ષની સજામાંથી દોષમુક્ત કરવાની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવા રજૂઆત કરી ન હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસમાં જોડાયા બાદ હાર્દિક પટેલે જામનગર બેઠક પરથી ચૂંટણી લડવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ ચૂંટણી લડવા માટે વીસનગરની કોર્ટે કરેલી બે વર્ષની સજા આડીખીલી સમાન હતી. હાર્દિક પટેલે ગુજરાત હાઇકોર્ટમાં સજા સામે કરેલી અપીલ ફગાવી દીધી હતી. તેના પગલે હાર્દિકે તાત્કાલિક સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જોકે સુપ્રીમ કોર્ટે તા.૨ એપ્રિલે તાત્કાલિક સુનાવણીનો ઇંકાર કરીને ૪ એપ્રિલની મુદત રાખી હતી.

દરમિયાનમાં ગુરૂવારે પણ સુપ્રીમ કોર્ટનો ફેંસલો ન આવતા હાર્દિક પટેલ ચૂંટણી નહીં લડી શકે. કેમ કે આજે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ છે. હાર્દિકનો મામલો કોર્ટમાં હોઇ કોંગ્રેસ હાઇકમાન્ડે જોકે જામનગર બેઠક માટે મૂળુભાઇ કંડોરિયાની જાહેરાત કરી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે વીસનગર ખાતે ધારાસભ્યની ઓફિસમાં તોડફોડના કેસમાં તેને વીસનગર કોર્ટે દોષી ઠેરવ્યો હતો. આ મામલો વર્ષ ૨૦૧૫ જુલાઈમાં બન્યો હતો. વર્ષ ૨૦૧૮માં જુલાઈમાં કોર્ટે હાર્દિક સહિત ત્રણને દોષિત ઠેરવી બે વર્ષની સજા ફટકારી હતી.

સૌરાષ્ટ્ર-અરબી સમુદ્રમાં હાઈપ્રેસર સિસ્ટમ સર્જાઈ, ગરમી વધવાની આગાહી

અમદાવાદ-રાજકોટ

હીટવેવની અસરથી રાજ્યના ૯ શહેરોમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી પાર કરી ગયો છે. અમદાવાદ, રાજકોટ, ભૂજ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૩ ડિગ્રી થયું નોંધાયું હતું. તેમજ આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર અને અરબી સમુદ્રમાં હાઈપ્રેશરની સિસ્ટમ ડેવલપ થતાં ગરમીમાં વધારો થશે. ખાસ કરીને અમદાવાદ, અને સુરેન્દ્રનગર, અમરેલી જેવા કેટલાંક શહેરોમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રી પહોંચે તેવી શક્યતા છે. છેલ્લા ૨-૩ દિવસથી તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. ત્યારે બુધવારે રાજકોટમાં સૌથી વધુ તાપમાન ૪૩.૩ ડિગ્રી રહ્યું હતું. જ્યારે આજે ૪૨ ડિગ્રીને પાર તાપમાન પહોંચી ગયું છે. જેને લઈને બપોરના સમયે રસ્તાઓ સુમસાન ભાસી રહ્યાં હોવાથી કર્ફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. એપ્રિલના સામાન્ય મહત્તમ તાપમાન કરતા ૫ ડિગ્રી પારો ઉંચકાઈ ગયો છે. રાજકોટ મહાનગર પાલિકા કમિશ્નર બંછાનિધી પાની દ્વારા શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ શહેરીજનોને બપોરના ૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધી બિનજરૂરી બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે.

લોન લેનારા કે લઈ ચૂકેલા લોકોને લાભ થશે,નવા નાણાંકીય વર્ષમાં પહેલું મોટું પગલું

મોટી રાહતઃ RBIએ રેપો રેટ ૦.૨૫ ટકા ઘટાડ્યો, હોમ-ઓટો લોન સસ્તી થશે

૦.૨૫ ટકાના ઘટાડા સાથે રેપો રેટ ઘટીને ૬ ટકા થયો,પોલીસી સ્ટેન્ડ 'ન્યુટ્રલ' રખાયું,મોંઘવારી કાબુમાં હોવાનો દાવો

મુંબઈ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નવા નાણાકીય વર્ષમાં સૌપ્રથમ વખત ચાવીરૂપ વ્યાજદર રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો છે. આ સાથે જ હોમ-ઓટો સહિતની તમામ લોન પરના વ્યાજ દરમાં લોનધારકને રાહત મળશે.આરબીઆઈએ ત્રણ મહિનામાં બીજી વખત વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં ૪-૨ની બહુમતિથી વ્યાજ દરમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવાયો હોવાનું આરબીઆઈ ગર્વનર શક્તિકાંત દાસે જણાવ્યું હતું.



આરબીઆઈ ગર્વનર શક્તિકાંત દાસે ત્રણ દિવસની મોનેટરી પોલિસી કમિટીની બેઠક બાદ ગુરુવારે રેપો રેટમાં ઘટાડાની જાહેરાત કરી હતી. આ સાથે જ રેપો રેટ ઘટીને ૬ ટકા થયો છે. આરબીઆઈએ પોલિસીનું સ્ટેન્ડ 'ન્યુટ્રલ' રાખ્યું હતું. શક્તિકાંત દાસે અગાઉ ફેબ્રુઆરીમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. દેશમાં લોકસભાની ચૂંટણીને પગલે આ બેઠક બાદ આરબીઆઈ દ્વારા રેટ કટની બજાર વર્ગને અપેક્ષા હતી. અપેક્ષા મુજબ જ ટૂંકા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરાયો છે. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં કરાયેલો ઘટાડો હવે બેંકો ગ્રાહકો સુધી કેવી રીતે અને કેટલો પહોંચાડે છે તેને આધારે લોનના વ્યાજદરમાં ઘટાડો થઈ શકે છે. આરબીઆઈએ ૨૦૧૮-૧૯ માટેનો વૃદ્ધિ દર અંદાજ અગાઉના ૭.૪ ટકાથી ઘટાડીને ૭.૨ ટકા રહેવાની આગાહી કરી છે. આરબીઆઈએ જણાવ્યું હતું કે, મધ્યમ ગાળામાં ફુગાવાનો ચાર ટકાનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે તેમજ અર્થતંત્રમાં વૃદ્ધિને સમર્થન હેતુ વ્યાજ દરમાં ઘટાડો કરાયો છે. સ્થાનિક અર્થતંત્ર પર વૈશ્વિક ડામાડોળ સ્થિતિની અસર જોવા મળી રહી છે. ખાનગી રોકાણને પ્રોત્સાહન આપીને અર્થતંત્રમાં વૃદ્ધિનો સંચાર આવશ્યક જણાય છે.

ભારતીય સેનાને 'મોદી કી સેના' કહીઃ યોગી આદિત્યનાથને ચૂંટણી પંચની નોટિસ



ન્યુ દિલ્હી

ભારતીય સેનાને 'મોદી કી સેના' જેવું વિવાદાસ્પદ નિવેદન કરનાર ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને ચૂંટણી પંચે ઝપટમાં લીધા છે અને એમને કારણદર્શક નોટિસ મોકલી છે. આ નોટિસનો જવાબ શુક્રવાર સાંજ સુધીમાં જવાબ આપવાનો યોગીને આદેશ આપવામાં આવ્યો છે.

યોગી આદિત્યનાથે આવું નિવેદન આ અઠવાડિયાના આરંભમાં ગાઝિયાબાદમાં એક ચૂંટણી રેલી વખતે કર્યું હતું. રાજકીય પ્રચારમાંથી સશસ્ત્ર દળોને દૂર રાખવાની ચૂંટણી પંચે આપેલી ચેતવણીનો યોગી આદિત્યનાથે ભંગ કર્યો છે એવું પંચને પ્રાથમિક રીતે જણાયું છે.

યોગીને કારણદર્શક નોટિસ મોકલવાનો નિર્ણય ગાઝિયાબાદના જિલ્લા મેજિસ્ટ્રેટે સુપરત કરેલા એક વિડિયો ક્લિપના આધારે લેવામાં આવ્યો છે. એ વિડિયોમાં આદિત્યનાથે ગયા રવિવારની ચૂંટણી રેલીમાં ઉપર મુજબનું નિવેદન કરતા જોઈ-સાંભળી જોઈ શકાય છે.

આદિત્યનાથે ગયા રવિવારે ગાઝિયાબાદ અને ગ્રેટર નોઈડામાં ચૂંટણી સભાઓને સંબોધિત કરી હતી. એમાં તેમણે કોંગ્રેસ પાર્ટીની ઝાટકણી કાઢી હતી અને કહ્યું કે એ પાર્ટીએ ત્રાસવાદ અને ત્રાસવાદીઓ પ્રત્યે કૂણું વલણ અપનાવ્યું હતું.

ઈસરો આ વર્ષે કુલ ૩૩ મિશન પાર પાડશે,સપ્ટેમ્બરમાં જીસેટ-૨ને અવકાશમાં મોકલાશે

સ્પેસમાં સૈન્ય તાકાત વધારશે ભારતઃ ઈસરો ૫ સૈન્ય ઉપગ્રહ લોન્ચ કરશે



ન્યુ દિલ્હી

ભારતીય સેના અને સુરક્ષાદળોની તાકાત વધારવા માટે ભારતની અવકાશી સંસ્થા ઈસરોએ કમર કસી છે. ઈસરોએ જાહેરાત કરી છે કે, ભારતની સેનાની નજર રાખવાની ક્ષમતા વધારવા માટે ભારત પાંચ સૈન્ય ઉપગ્રહ લોન્ચ કરશે.જેમાં ચાર રિસેટ સેટેલાઈટ અને એક એડવાન્સ કાર્ટોસેટ ૩ પ્રકારના સેટેલાઈટનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે બાલાકોટ એરસ્ટ્રાઈક વખતે પણ લક્ષ્યાંક નક્કી કરવામાં વાયુસેનાએ ઈસરોના ઉપગ્રહો દ્વારા લેવાયેલી તસવીરોનો ઉપયોગ કર્યો હતો.

આ પહેલા દર વર્ષે ઈસરો દ્વારા એક કે બે મિલિટરી સેટેલાઈટ અંતરિક્ષમાં મોકલવામાં આવતા હતા.જોકે પાક અને ચીન સાથે વધી રહેલા તનાવના પગલે ઈસરોએ આ વખતે મિલિટરી સેટેલાઈટ લોન્ચની સંખ્યા વધારી છે.

ઈસરોના ચેરમેન કે સિવાને કહ્યુ હતુ કે, આ વર્ષે કુલ ૩૩ મિશન ઈસરો પાર પાડશે.જેમાં દુનિયાના સૌથી બહેતરીન મનાતા કાર્ટોસેટ-૩ પ્રકારના સેટેલાઈટનો પણ સમાવેશ થાય છે.આ સેટેલાઈટ થકી ૦.૨ મીટર સુધીના નાના ઓબજેક્ટની પણ અંતરીક્ષમાંથી તસવીરો ખેંચી શકાશે.

જૂનના ચોથા સપ્તાહમાં આ સેટેલાઈટ લોન્ચ કરવાની સાથે સાથે રિસેટ સિરિઝના ઉપગ્રહો પણ એ પછી લોન્ચ કરાશે.જેમાં રિસેટ ૨બી પાસે વાદળ છાયા વાતાવરણમાં પણ તસવીરો લેવાની ક્ષમતા હશે.સપ્ટેમ્બરમાં જીસેટ ૨ને અવકાશમાં મોકલાશે. એ પછી સેનાને દર બીજા દિવસે વિવિધ વિસ્તારોની જાણકારી મળતી રહેશે.

આ ડીલ અંતર્ગત ચીન,બાંગ્લાદેશના પાયરા ડીપ-સી પોર્ટનું નિર્માણ કરશે

ભારતને ઘેરવા ચીનની નવી ચાલઃ બાંગ્લાદેશ સાથે ૪૩૦૦ કરોડની ડિલ કરશે



બિજિંગ

પાકિસ્તાન અને શ્રીલંકા બાદ ચીન હવે બાંગ્લાદેશના રસ્તે ભારતની ઘેરાબંધી કરવા જઈ રહ્યું છે. આના માટે તેણે બાંગ્લાદેશ સાથે ૬૦ કરોડ ડોલર એટલે કે ૪૩૦૦ કરોડ રુપિયાની મોટી ડીલ કરી છે. આ ડીલ અંતર્ગત ચીન, બાંગ્લાદેશના પાયરા ડીપ-સી પોર્ટનું નિર્માણ કરશે. આ પોર્ટને સામરિક દ્રષ્ટીકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આનાથી તે ભારતીય સમુદ્ર તટથી ખૂબ નજીક પહોંચી જશે અને હિંદ મહાસાગરમાં મોટા ભાગ પર નજર રાખી શકશે.

પ્રાપ્ત વિગતો અનુસાર ચીને ડિસેમ્બર, ૨૦૧૬માં પોતાના જિઓપોલિટીકલ ઈકોનોમિક કોરિડોરથી ઓબોર એટલે કે વન બેલ્ટ વન રોડ સાથે જોડાવા માટે બાંગ્લાદેશ સાથે સમજૂતી કરી હતી. આ પ્રોજેક્ટને બીઆરઆઈ પણ કહેવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય ચીન દ્વારા પ્રાયોજિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સથી એશિયાઈ દેશોને જોડવાનો છે. આને ચીનના વિશેષજ્ઞો ૨૧મી સદીનો સિલ્ક રોડ પણ કહે છે.

આ ક્રમમાં ચીન, બાંગ્લાદેશના પાયરા ડીપ-સી પોર્ટના વિકાસમાં પણ ખાસો રસ ધરાવી રહ્યું છે. ચીનની બે કંપીઓ ચાઈના હાર્બર એન્જિનિયરિંગ કંપની અને ચાઈના સ્ટેટ કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ આ પોર્ટના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે બાંગ્લાદેશ સાથે ૬૦ કરોડ ડોલરની ડીલ કરી છે. આ ડીલમાં હાઉસિંગ, હેલ્થકેર, એજ્યુકેશન સહિત ઈન્ફ્રાનો વિકાસ પણ શામિલ છે.

રોકાણ દ્વારા ચીન પોતાની વાસ્તવિકતાને છુપાવવા અને હકીકતમાં તો તે સામરિક દ્રષ્ટીકોણથી મહત્વપૂર્ણ બાંગ્લાદેશના આ પોર્ટને પોતાના કન્ટ્રોલમાં લેવા ઈચ્છે છે. ચીને શ્રીલંકાના હમ્બનટોટા પોર્ટને લઈને પણ આ જ રણનીતિ પર કામ કર્યું હતું.

માયાવતી ૧૫ કરોડમાં ટિકિટ વહેંચે છેઃ મેનકા ગાંધીનો મોટો આરોપ



ન્યુ દિલ્હી

ભાજપના નેતા અને કેન્દ્રીય પ્રધાન મેનકા ગાંધીએ બસપા અધ્યક્ષ માયાવતી પર આરોપ લગાવ્યો કે તેઓ ૧૫ કરોડમાં ટિકિટ વહેંચી રહ્યા છે. તમામ લોકો જાણે છે કે માયાવતી પાસે કેટલી સંપત્તિ છે. અને તેઓ ટિકિટ વહેંચણીનો વ્યવ્હાર હીરા અથવા પૈસા લઈને કરે છે. ગરીબ માટે કથિત લડાઈ લડનારી માયાવતીના આ માયા આજે જાહેર થઈ છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે માયાવતી કોઈપણને ટિકિટ મફતમાં આપતા નથી. મહત્વપૂર્ણ છે કે ૨૦૧૪માં મેનકા ગાંધી પીલીભીતથી લોકસભાની ચૂંટણી લડયા હતા. ત્યારે ભાજપે આ વખતે તેમને સુલ્તાનપુરથી ટિકિટ આપી છે. આ બેઠક પરથી કોંગ્રેસ તરફથી ડોક્ટર સંજયસિંહ અને સપા-બસપાના ગઠબંધન તરફથી ચંદ્રભાનસિંહ ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક પર હમેશા ભાજપનો દબદબો રહ્યો છે. મેનકા ગાંધીના પુત્ર વરૂણ ગાંધી હમેશા આ બેઠક પરથી ચૂંટાઈ આવે છે. ત્યારે ભાજપે વરૂણ ગાંધીને પીલીભીતથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

એમેઝોન ક્લાઉડ સર્વર પર લીક થયો ફેસબૂકના કરોડો યૂઝર્સનો ડેટા

વૉશિંગ્ટન

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક તેના યુઝર્સના ડેટા લિંકને મામલે ફરીથી ચર્ચામાં છે. રિસર્ચર્સના મતે મોટા ભાગના ફેસબુક યુઝર્સનો ડેટા એમેઝોનના ક્લાઉડ કમ્પ્યુટિંગ સર્વર પર સાર્વજનિક થઈ ગયો છે.

એક સાઈબર સ્પેસ ફર્મ અપગાર્ડના રિપોર્ટ મુજબ ફેસબુક માટે કામ કરનારી બે થર્ડ પાર્ટી કંપનીઓએ યુઝર્સનો ડેટા એમેઝોનના સર્વર પર સ્ટોર કરી દીધો છે, જેને કોઈપણ વ્યક્તિ સરળતાથી ડાઉનલોડ કરી શકે છે. તેમાંની એક કંપનીએ ૧૪૬ ગિગાબાઈટ ડેટા કલેક્ટ કર્યો છે જેમાં યુઝર્સના



લાઈક્સ, કોમેન્ટ, રિએક્શન અને એકાઉન્ટનું નામ જેવા ૫૪ કરોડ રેકોર્ડ સામેલ છે. જોકે હજી સુધી એ સ્પષ્ટ થયું નથી કે તેમાં કેટલા યુઝર્સનો ડેટા સામેલ છે. ત્યાં જ બીજી કંપનીએ લગભગ ૨૨ હજાર યુઝર્સના અનપ્રોટેક્ટેડ પાસવર્ડ સ્ટોર કર્યા છે. અપવાર્ડના રિસ્ક રિચર્ચ એન્ડ ડાયરેક્ટર ક્રિસ વિકરીએ જણાવ્યું હતું કે આ ડેટા ફેસબુક ઈન્ટીગ્રેશન દ્વારા એકત્ર કરાયા છે. ફેસબુક થર્ડ પાર્ટી ડેવલપર્સને કોઈ એપ અથવા વેબસાઈટ પરથી પોતાના પ્લેટફોર્મ મારફતે સાઈન ઈન કરવાની પરવાનગી આપે છે. આવામાં ફેસબુક પોતાના યુઝર્સનો ડેટા સુરક્ષિત રાખવાની ગેરંટી આપી શકે તેમ નથી. આ મામલે ફેસબુકના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, યુઝર્સનો ડેટા પબ્લિક ડેટાબેઝ પર સ્ટોર કરવો એ ફેસબુકની પોલિસીની વિરુદ્ધ છે. આ અંગે જાણ થતા જ અમે એમેઝોન સાથે મળીને આ ડેટાને ત્યાંથી હટાવવાના કામે લાગી ગયા છે. અમારા પ્લેટફોર્મ પર લોકોના ડેટા સુરક્ષિત રાખવા અમે ડેવલપર્સની સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

સરહદે પાકિસ્તાનની ફરી એકવાર નાપાક હરકત

પંજાબના તરનતારનમાં ઘૂસેલા પાકિસ્તાની ડ્રોનને બીએસએફ દ્વારા તોડી પડાયું

ચંદીગઢ

પંજાબના તરનતારનના ખેમકરણ સેકટરમાં બોર્ડર આઉટ પોસ્ટ પર બીએસએફએ એક પાકિસ્તાની ડ્રોનને તોડી પાડયું છે. સરહદ પર આવેલા રતોકે ગામમાં ગઈ કાલે રાત્રે એક પાકિસ્તાની ડ્રોન ઘૂસી આવતાં બીએસએફએ તાત્કાલિક કાર્યવાહી કરીને એર સ્ટ્રાઈક ગનથી તેને નિશાન બનાવ્યું હતું. જોકે પાકિસ્તાનના આ ડ્રોનને ફૂંકી માર્યાના અહેવાલને સત્તાવાર સમર્થન આપવામાં આવ્યું નથી.

પહેલી એપ્રિલે વહેલી પરોઢે ૩-૩૦ કલાકે પાકિસ્તાન તરફથી એફ-૧૬ વિમાન ભારતીય સરહદમાં મોકલવામાં આવ્યું હતું જેને ભારતીય વાયુદળે ખદેડી મૂકયું હતું. તેમ છતાં પાકિસ્તાને ફરી એક વાર નાપાક હરકત કરીને બુધવારે રાત્રે ૧૦-૧૫ કલાકની આસપાસ ખેમકરન સરહદથી ડ્રોન ભારતીય સરહદમાં ઘૂસાડયું હતું. ભારતીય સરહદમાં રડાર પર આ ડ્રોન ઝડપાઈ ગયું હતું અને ત્યાર બાદ ભારતીય વાયુદળે તેને તોડી પાડયું હતું. આ દરમિયાન ત્રણ મોટા બ્લાસ્ટના અવાજ પણ સંભળાયા હતા.

ખેમકરન વિસ્તારમાં બ્લેકઆઉટ કરી દેવામાં આવ્યો હતો. રતોકે ગામના સરપંચ લખબીરસિંહના જણાવ્યા અનુસાર તેમણે સ્વયં ડ્રોનને જોયું હતું અને ત્યાર બાદ ફાયરિંગ થવા લાગ્યું હતું. સરહદે રતોકે ગામ સહિત આસપાસના તમામ સરહદી ગામોમાં બ્લેકઆઉટ કરી દેવામાં આવ્યો હતો. ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી હતી.

આ ઘટનાને લઈને ગામ મેંદીપુર, મસ્તગઢ, રાજુકે, ખેમકરન, ગજલ, તુતભંગાલા, વુડબુડા જેવા ક્ષેત્રોમાં દોઢ કલાક સુધી બ્લેકઆઉટ રહ્યો હતો. ડ્રોન દેખાયા બાદ થયેલા બ્લાસ્ટના પગલે સમગ્રવિસ્તારમાં વીજળી પણ ગુલ થઈ ગઈ હતી.

રાહુલ-પ્રિયંકા ગુજરાતમાં ૫ રેલી અને જનસભા ગજવશે

ગાંધીનગર



ગુજરાતમાં ઉમેદવારી ફોર્મ ભરવાનો ૪ એપ્રિલ છેલ્લો દિવસ હતો. ભારે રસાકસી બાદ બન્ને પાર્ટીઓએ પોતાના ઉમેદવારો જાહેર કરીને બન્ને પાર્ટીઓના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે. નામાંકન ભરવાની પ્રક્રિયા બાદ હવે ગુજરાતમાં બન્ને પાર્ટીઓના દિગ્ગજ નેતાઓ ચૂંટણી મેગા રેલીઓ, સભાઓ ગજવવાનો દોર શરૂ થવા જઈ રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં રાહુલ ગાંધી ૫ રેલી અને જનસભા સંબોધશે, જેમનું તમામ આયોજન કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે. કોંગ્રેસ દ્વારા રાહુલ અને પ્રિયંકાના પ્રવાસને લઈને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બીજી બાજુ પ્રિયંકા ગાંધી પણ આદિવાસી વિસ્તારમાં પોતાની વોટ બેંક મજબૂત કરવાના બનતા તમામ પ્રયત્નો કરશે. આદિવાસી વિસ્તારોમાં સ્વંય પ્રિયંકા ગાંધી જઈને ચૂંટણી પ્રચાર કરશે, તેના ભાગરૂપે રાહુલ અને પ્રિયંકા ગાંધી ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી અને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ જઈને પોતાનું શીર્ષ નમાવશે.

હવે આગામી સમયમાં ગુજરાતમાં પ્રચંડ વેગથી રાહુલ અને પ્રિયંકા ૫ રેલીઓ અને જનસભાઓ ગજાવીને ભાજપને ઘણું નુકસાન પહોંચાડી શકે છે.

જળસંકટ... ઉકાઈમાં માત્ર ૨૩.૩૭ ટકા જ પાણી

સુરત

ઉપરવાસમાં ઓછા વરસાદના કારણે હાલમાં ઉકાઈ ડેમની સપાટી વર્ષોબાદ ખૂબ જ ચિંતાજનક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. પહેલી એપ્રિલે ઉકાઈ ડેમની સપાટી માત્ર ૨૯૪ ફુટ નોંધાઈ હતી. જ્યારે ડેમમાં પાણીનો કુલ જથ્થો ૧૭૦૪ એમસીએમ છે. ગત વર્ષની સરખામણીમાં લેવલ ૧૩ ફુટ નીચે છે. જેના કારણે ચાલુ વર્ષે સુરત શહેરમાં ઉનાળાના ચાર માસ દરમ્યાન પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાવાના એંધાણ છે. હજુ તો ઉનાળો જામ્યો નથી ત્યાં ઉકાઈ ડેમની આ સ્થિતિ છે ત્યારે આગામી જુલાઈ સુધી શહેરમાં પાણીની બૂમરાણ ઉઠવાની પ્રબળ સંભાવના સેવાઈ રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત ૨૯ માર્ચ ૨૦૧૯ના આંકડાઓનું માનીએ તો ઉકાઈમાં માત્ર હવે ૨૩.૩૭ ટકા પાણી બચ્યું છે.

શહેરીજનોને દૈનિક ૧૧૫૦થી ૧૨૦૦ એમએલડી પાણીનો જથ્થો પાલિકા આપે છે. ઉનાળામાં ડિમાન્ડ ૧૦થી ૧૨ ટકા વધી જાય છે. જેથી ૧૦૦થી ૧૫૦ એમએલડી વધુ પાણીની આવશ્યકતા ઉભી થશે. ઉદ્યોગોને ૮૫ એમએલડી પાણી અપાઈ છે. પરંતુ પાણીની ઘટ સર્જાશે તો ઉદ્યોગને અપાતા પાણીમાં કાપ મુકાશે. ભરત દલાલ, સિટી ઈજનેર, પાલિકા

ઉકાઈ ડેમની સપાટી ૨૮૫ ફુટની નીચે પહોંચે ત્યારે ૧૭મી સદીનો પાણીમાં ગરકાવ થયેલો ગાયકવાડ સમયનો કિલ્લો નજરે ચઢે છે. પહેલીવાર ૨૦૧૬ અને બીજીવાર ૨૦૧૮માં જુન માસમાં આ કિલ્લો દેખાયો હતો. પરંતુ ચાલુ વર્ષે તો મે માસમાં જ સપાટી ૨૮૫ ફુટ નીચે જઈ શકે એમ છે. જેથી મે માસના બીજા વીક બાદ કિલ્લો દેખાશે તેવી શક્યતા છે.

કતારગામ ખાતે પૂ. મૂળદાસ બાપુ સંગીતમય નકલંગ પુરાણ રજૂ કરશે

સુરત

લાલ બાપાની રામ મઢી આશ્રમ જહાંગીરપુરા, સુર્ય પુત્રી તાપી તટે આવેલ મનોરમ્ય આશ્રમના પ.પૂ. સંતશ્રી મૂળદાસબાપુના મુખે સંગીતમય રામદેવ શિક્ષા મહાપુરાણ નકલંગ રામાયણ કથા પ્રારંભ વાર્ષિક ગૌસેવા તથા અન્નક્ષેત્ર માટે તા.૦૬-૦૪-૨૦૧૯થી શરૂ થઈ તા.૧૪-૦૪-૨૦૧૯ના રોજ પૂર્ણાહૂતિ થશે. સમય બપોરે ૩-૩૦થી ૬-૩૦ અને રાત્રે ૮થી ૧૧ કાશીબા ફાર્મ, લક્ષ્મીકાંત મંદિર, આશ્રમ રોડ, તળાવની બાજુમાં કતારગામ, સુરત ખાતે થયું છે. ભાવિક ભક્તો સત્સંગ-હરિનામ-સંકિર્તનનો લાભ લેવા વિનંતી કરાઈ છે.

તંત્રી સ્થાનેથી...

ખાનગી ક્ષેત્રમાં પેન્શન

સુપ્રીમ કોર્ટે હાલમાં ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓના પેન્શનમાં જંગી વધારો કરવા માટેનો રસ્તો સાફ કરી દીધો છે. હવે જો કેટલીક અડચણોને દુર કરી લેવામાં આવે તો તેનો લાભ ખાનગી ક્ષેત્રના કરોડો લોકોને મળી શકે છે. હાલમાં ખાનગી સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓ અને સરકારી કર્મચારીઓ વચ્ચે પેન્શનના આંકડાને લઈને કોઇ સરખામણી નથી. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટના આદેશને ઉપયોગી ગણવામાં આવે છે. હાલમાં હાલત એ છે કે સારો પગાર મેળવતા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓને પણ હાલમાં ફાયદો ઓછો મળી રહ્યો છે. ગયા સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટે ઇપીએફઓની એવી અરજીને ફગાવી દીધી હતી જે અરજી કેરળ હાઇકોર્ટના ચુકાદાની સામે કરવામાં આવી હતી. કેરળ હાઇકોર્ટે નિવૃત થયેલા તમામ કર્મચારીઓને તેમના પૂર્ણ પગારની દ્રષ્ટિએ પેન્શન ચુકવવા માટેનો આદેશ કર્યો હતો. જ્યારે હાલમાં ઇપીએફઓ દ્વારા ૧૫૦૦૦ રૂપિયાના બેઝિક વેતનની મર્યાદાના આધાર પર પેન્શન નક્કી કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ ખાનગી કર્મચારીઓના પેન્શનની ગણતરી પૂર્ણ વેતનના આધાર પર કરવામાં આવનાર છે. દેશમાં નવી અર્થનિતી લાગુ કરવામાં આવ્યા બાદ પ્રાઇવેટ સેક્ટરના કર્મચારીઓની આર્થિક સુરક્ષા સાથે જોડાયેલી ચિંતા પણ સપાટી પર આવી છે. જો કે સરકાર આને લઇને હમેંશા પરેશાન રહે છે. વર્ષ ૧૯૯૫માં તેના દ્વારા સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ માટે ઇપીએસની શરૂઆત કરી હતી. જેમાં કંપનીને કર્મચારીઓના મુળ વેતનના ૮.૩૩ ટકા હિસ્સાને જમા કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તેને ૬૫૦૦ રૂપિયાનો ૮.૩૩ ટકા કરવામાં આવ્યો હતો. તેના નિયમોમાં ફેરફાર કરીને કહેવામાં આવ્યુ હતુ કે કંપની અને કર્મચારીઓ પોતાની સહમતી સાથે પોતાના પગારનો જેટલો પણ હિસ્સો ઇચ્છે તે પેન્શન ફંડમાં જમા કરી શકે છે. વર્ષ ૨૦૧૪માં ઇપીએસ કાનુનમાં સુધારા કરીને સ્કીમ હેઠળ મહત્તમ ૧૫૦૦૦ રૂપિયાનો ૮.૩૩ ટકા હિસ્સો જમા કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. એવુ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ કે જે લોકો પૂર્ણ સેલરી પર પેન્સન ઇચ્છે છે તેમના પેન્શન યોગ્ય વેતન પાંચ વર્ષના સરેરાશ માસક વેતન માનવામાં આવશે. આ પહેલા નિયમો હતા કે એક વર્ષના સરેરાશ પગારના આધાર પર પેન્શન નક્કી કરવામાં આવશે. કેરળ હાઇકોર્ટે પહેલી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે આ સુધારા પર રોક મુકી દેવાની જાહેરાત કરી હતી. તેના દ્વારા એક વર્ષના સરેરાશ માસિક વેતનને ફરીથી પેન્શનની રકમ માટે આધાર બનાવીને આ ચુકાદો આપ્યો હતો. આના આશરે બે વર્ષ બાદ સુપ્રીમ કોર્ટે હવે ઇપીએફને પૂર્ણ પગાર પર કર્મચારીઓના પેન્શનની માંગના આવેદન પર કહ્યુ છે કે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. સારી બાબત તો એ છે કે કર્મચારીઓ ફેરફાર માટે તૈયાર કેટલીક બાબતોને ધ્યાનમાં લઇને થશે. રાજકીય પક્ષો પહેલાથી જ પોતાની સ્થિતી આ મામલે સ્પષ્ટ કરે તે જરૂરી છે. કારણ કે હાલમાં ચૂંટણી માહોલ છે. રાજકીય પક્ષો તેમનુ વલણ કેવુ છે તે અંગે વાત કરશે તો ચિત્ર વધારે સ્પષ્ટ થઇ શકે છે.

કેટલીક અડચણોને દુર કરી લેવામાં આવે તો ખાનગી ક્ષેત્રોના કરોડો લોકોને ફાયદો

૧૫ મિનિટની કસરત જરૂરી

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત સામાન્ય રીતે પીઠમાં દુઃખાવાનો પણ મદદરૂપ થાય છે.

ક્રિકેટમાં ચેમ્પિયન બન્યા બાદ હવે ફિફા લક્ષ્ય બને તે જરૂરી...

ક્રિકેટ બાદ ફુટબોલ પર ધ્યાન જરૂરી

આજે દુનિયાભરમાં ફુટબોલ ઝનુન અને ક્રેઝ દિલોદિમાગ પર છે. ભારતમાં પણ ફુટબોલને લઈને ચોક્કસપણે દિવાનગી છે. તેમ છતાં પ્રચાર અને પ્રસારના અભાવના કારણે ફુટબોલન રમત ભારતમાં ક્રિકેટ કરતા પાછળ રહી છે. હાલના દિવસોમાં ભારતીય ફુટબોલ ટીમના શાનદાર દેખાવ અને સુનિલ છેત્રી જેવા ધરખમ ખેલાડીની એન્ટ્રીના કારણે ભારતીય ફુટબોલ ચાહકો અને નિષ્ણાંતોમાં નવી આશા જાગી છે. ફુટબોલમાં ભારતીય ભવિષ્ય આશાસ્પદ નજરે પડે છે. ક્રિકેટમાં વિશ્વ વિજેતા તરીકે છાપ ધરાવનાર ભારત હવે ફુટબોલમાં પણ ચેમ્પિયન બને અને આ દિશામાં આગળ વધેતેમ તમામ ચાહકો ઇચ્છે છે. ક્રિકેટમાં વિશ્વમાં આજે ભારતની સામે ટક્કર લેવામાં તમામ ટીમ મુશ્કેલ અનુભવે છે. ક્રિકેટમાં બેતાજ બાદશાહ બની ગયા બાદ હવે ફીફા વર્લ્ડ કપ ફુટબોલ પર લક્ષ્ય કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. વર્ષ ૨૦૧૭માં જુનિયર વર્લ્ડ કપ ફુટબોલનુ સફળ આયોજન ભારતમાં કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદથી માહોલ જોરદાર બની રહ્યો છે. હાલના તમામ મુકાબલામાં ભારતીય ટીમનો દેખાવ પણ જોરદાર રહ્યો છે. ફુટબોલ દુનિયાના નંબર વન ખેલ તરીકે છે તેમાં કોઇ બે મત નથી. સૌથી વધારે ફુટબોલ પણ રમવામાં આવે છે. ફુટબોલની રમત રમવી અને યજમાન પદ મેળવી લેવાની બાબત પણ ગર્વ સમાન છે. ફીફા વર્લ્ડ કપનુ આયોજન કરવા માટે હમેંશા જુદા જુદા દેશોમાં ખુબ વર્ષો પહેલા જ સ્પર્ધા શરૂ થઇ જાય છે. વર્ષ ૨૦૨૬ સુધી વર્લ્ડ કપ ક્યાં રમાશે તે બાબત નક્કી થઇ ચુકી છે. તેની પસંદગી પ્રક્રિયા પણ ખુબ મુશ્કેલ હોય છે. વિશ્વ કપ ફુટબોલને એશિયન ખેલ કરતા મોટા આયોજન તરીકે ગણી શકાય છે. કોઇ દેશ ભલે ફુટબોલમાં



ફીફા વર્લ્ડ કપના યજમાન બનવા શાનદાર રેન્કિંગ પણ જરૂરી છે : છેલ્લા કેટલાક સમયથી ફુટબોલમાં ભારતનો દેખાવ સતત શાનદાર રહ્યો

લોકપ્રિય નથી પરંતુ જો તે તેમાં ભાગ લઇ લે છે તો રાતોરાત લોકપ્રિય થઇ જાય છે. જે દેશ આનુ આયોજન કરે છે તેને પણ ખુબ મોટો ફાયદો થઇ જાય છે. આ વખતે રશિયામાં આનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભારત ફિફા વર્લ્ડ કપનુ આયોજન કરવા માટે વિચારણા તો કરે છે પરંતુ ભારતને આ દિશામાં આગળ વધવા માટે હજુ ખુબ મહેનત કરવી પડશે. વર્ષ ૨૦૧૭માં ભારતે જુનિયર વર્લ્ડ કપનુ સફળ રીતે આયોજન કર્યુ હતુ. કોરિયા અને જાપાન દ્વારા જ્યારે વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કર્યુ હતુ ત્યારે બંન્નેની ટીમો પણ સારી હતી. જેથી જાણકાર નિષ્ણાંતો નક્કર પણે એક વાત તો માને છે કે યજમાન દેશ બનતા પહેલા રાષ્ટ્રીય ટીમની રેન્કિંગ પણ ખુબ મહત્વ રાખે છે. ઇટાલી જેવી વિશ્વ કપ ચેમ્પિયન બનેલી ટીમ પણ આ વખતે ક્વાલિફાઇંગ કરી શકી નથી. નેધરલેન્ડ અને ચીલી જેવી ટીમો પણ પહોંચી શકી નથી. વેલ્સ પણ નથી. જેથી આ ફિફા વર્લ્ડ કપ ખુબ મુશ્કેલ સ્પર્ધા તરીકે છે. ભારત પણ વિશ્વ કપમાં ક્વાલિફાઇંગ મેચો રમતુ રહ્યુ છે. પરંતુ તે ટોપ ૩૨ ટીમમાં ક્યારેય સામેલ થઇ શક્યુ નથી. હાલના સમયમાં ટીમ ઇન્ડિયાનો દેખાવ સતત સારો રહ્યો છે જેથી આશા હવે જાગી રહી છે. ૧૩ શ્રેણીમાં રેન્કિંગના આધાર પર ફુટબોલ દુનિયાના સૌથી લોકપ્રિય ખેલ તરીકેછે. રેન્કિંગ માટે ખેલ વૈશ્વિક સ્તર પર ચાહકોની સંખ્યા, ટીવી વ્યુહરશીપ , ખેલાડીઓને મળનાર પૈસા, માર્કેટિંગ પર થનાર ખર્ચને ધ્યાનમાં લઇને રેન્કિંગ નક્કી કરવામાં આવે છે. તમામ ખેલોમાં ફુટબોલ નંબર વન કેમ છે તેની વાત કરવામાં આવે તો ફુટબોલના ચાહકોની સંખ્યા ૩૨૦ કરોડ જેટલી છે. જ્યારે પ્રાઇઝ મની ૨૩૮ કરોડ રૂપિયા જેટલી છે. બાસ્કેટબોલમાં ચાહકોની સંખ્યા ૧૦૦ કરોડ છે. જ્યારે પ્રાઇઝ મનીનો આંકડો ૧૦૦ કરોડનો છે. ક્રિકેટમાં ચાહકોની સંખ્યા ૨૦૦ કરોડ રૂપિયાનો આંકડો ૨૭ કરોડ છે. ટેનિસમાં ચાહકોની સંખ્યા ૧૦૦ કરોડ અને પ્રાઇઝમનીનો આંકડો ૨૫ કરોડ રૂપિયા છે. ૨૫ વર્ષના લાંબા ગાળા બાદ ભારતીય ટીમની રેન્કિંગ ફરી એકવાર ૧૦૦થી નીચે પહોંચી છે. હાલમાં ભારતીય ટીમ રેન્કિંગ મામલે ૯૭માં ક્રમાંકે છે. નવી આશા પણ દેખાઇ રહી છે. ભારતીય ફુટબોલ યોગ્ય ટ્રેક પર છે. ભારતીય ફુટબોલ ટીમના કેપ્ટન સુનલ છેત્રી માને છે કે ભારત વર્લ્ડ કપમાં ન પહોંચી જવા માટે મુલ્યાંકન કરતા પહેલા ભારતને પોતાની રેન્કિંગ એશિયામાં વધારે મજબુત કરવાની ફરજ પડશે. જ્યારે ભારતીય ટીમ ટોપ ટેનમાં એશિયામાં આવી જશે ત્યારે ભાવિ માર્ગ મોકળો થઇ જશે.

આઇપીએલની જેમ ફુટબોલ લીગને પ્રોત્સાહન આપવાની જરૂર...

સતત સ્પર્ધાથી લોકપ્રિયતા વધશે

ક્રિકેટની સરખામણીમાં ફુટબોલ પાછળ રહી જવા માટેના કેટલાક કારણો રહેલા છે. આનુ એક કારણ તો પ્રચાર અને પ્રસારની તરફ પુરતુ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. પૂર્વ ભારતીય કેપ્ટન અને નિષ્ણાંત મગનસિંહ રાજવી માને છે કે જે રીતે ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે તેવી જ રીતે ફુટબોલમાં પણ આયોજન કરવામાં આવે તે જરૂરી છે. સતત સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવશે તો જ ભારતીય ટીમ વધારે શાનદાર દેખાવ કરવા માટે તૈયાર થઇ શકશે. મોટા પાયે આયોજન જરૂરી છે. ક્રિકેટના કારણે યુવાનો તેની તરફ ખેંચાયા છે અને તેમાં પૈસા પણ બનાવી રહ્યા છે. જે રીતે આઇપીએલનુ આયોજન ક્રિકેટમાં કરવામાં આવ્યા બાદ ઉભરતા ખેલાડીઓને પોતાની કુશળતા સાબિત કરવાની તક મળી છે તેવી જ રીતે ફુટબોલમાં પણ જુદી જુદી લીગનુ આયોજન કરવામાં આવી શકે છે. આના કારણે જોરદાર ફાયદો થઇ શકે છે. ફુટબોલમાં રાષ્ટ્રીય સ્તર પર ખેલાડી જોરદાર રીતે ઉભરીને સપાટી પર આવશે. પહેલા દેશમાં ફુટબોલને લઇને રાષ્ટ્રીય સ્તર પર કેટલીક સ્પર્ધા યોજાતી હતી પરંતુ હવે ધીમે ધીમે તે પણ બંધ થઇ ગઇ છે. બીજુ કારણ છે કે સરકારી વિભાગોમાં આ કેલને લઇને કોઇ પણ પ્રકારની પ્રોત્સાહન યોજના રાખી નથી. લગભગ તમામ સરકારી વિભાગોમાં ખેલને લઇનો ક્વોટા શુન્ય જેવી સ્થિતીમાં આવી ગયા છે. જેથી લોકોની ઇચ્છાશક્તિ પણ ઘટવા લાગી ગઇ છે. બીજી બાજુ યુવા પેઢી ભારતમાં ક્રિકેટ સિવાય અન્ય કોઇ ખેલ તરફ વધારે પ્રેરિત થઇ રહી નથી. હાલના વર્ષોમાં ટેનિસ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને અન્ય ક્ષેત્રમાં ભારતીય ટીમ જોરદાર દેખાવ કરીને વિશ્વ મંચ પર પોતાની હાજરી પુરવાર કરી રહી છે ત્યારે ફુટબોલમાં હજુ ઉદાસીનતા દેખાય છે. ક્રિકેટમાં ભરપુર પૈસા અને ઉજ્જવળ ભાવિ નજરે પડે છે. સ્થિતી બદલી નાંખવા માટે ક્રિકેટમાં જે રીતે આઇપીએલની શરૂઆત કરવામાં આવી છે તેવી જ રીતે ભારતમાં ફુટબોલ લીગની પણ શરૂઆત કરવાના પ્રયાસ કરવા જોઇએ. જેમાં દિગ્ગજોને બોલાવી શકાય છે. જમીની સ્તર પર ફુટબોલને પ્રોત્સાહન આપવા માટે દરેક જિલ્લામાં સરકારી સ્તર પર એકેડમી ખોલી શકાય છે. યોગ્ય તાલીમ પામેલા પ્રોફેશનલ કોચને રોકીને યુવાનોને તૈયાર કરી શકાય છે. બાળપણથી ફુટબોલની નાની નાની ચીજો શિખવાડવામાં આવે તે જરૂરી છે. દરેક રાજ્ય સ્તર પર પોતાની ક્લબ હોવી જોઇએ. હાલમાં જે એસોસિએશન છે તે સંપૂર્ણ પણે નિષ્ક્રિય છે. આ તમામની સાથે સાથે આને રોજગાર સાથે જોડી દેવામાં આવે તે પણ ઉપયોગી બાબત છે. દરેક સરકારી વિભાગોમાં ફુટબોલ માટે ક્વોટા નક્કી કરી શકાય છે. જેના મારફતે રોજગારીઆપી શકાય છે. કોરિયા જેવા દેશમાં સ્કુલથી જ બાળકોને સેના પાસેથી ટ્રેનિંગ આપવામાં આવે છે. જેનો લાભ તેમને મળે છે. ભારતમાં બંગાળ, ગોવા અને કેરળમાં ફુટબોલની કેટલાક અંશે લોકપ્રિયતા છે. પરંતુ રાજસ્થાન જેવા મોટા ભાગના રાજ્યોમાં તેની લોકપ્રિયતા નહીંવત સમાન છે. કોઇ પણ પ્રકારની સ્પર્ધાનુ આયોજન પણ કરવામાં આવી રહ્યુ નથી. જાણકાર લોકો કહે છે કે ભારતીય ટીમમાં પણ કુશળ ફુટબોલ સ્ટાર ભેગા થઇ શકે છે પરંતુ નીચલા સ્તરથી ટ્રેનિંગ અને પુરતી તૈયારી તક મળે તે જરૂરી છે. જે રીતે ક્રિકેટમાં અંડર-૧૯,૧૭ અને ૧૫માં રમીને ખેલાડી ભારતીય રાષ્ટ્રીય ટીમમાં પહોંચી શક્યા છે અને નામ કમાવી રહ્યા છે તેવી જ રીતે ફુટબોલમાં પમ તૈયારી જરૂરી બની છે. ક્રિકેટમાં વિરાટ કોહલી સહિતના વિશ્વના ધરખમ ખેલાડી પણ નીચલા સ્તરે જોરદાર તૈયારી કરીને રાષ્ટ્રીય ટીમમાં આવ્યા છે. ફુટબોલમાં પણ આવી સફળતા હાંસલ કરી શકાય છે.



ક્રિકેટના કારણે યુવાનો તેની તરફ જે રીતે આકર્ષિત થઇ રહ્યા છે તેવી જ રીતે ફુટબોલમાં પણ વધુને વધુ ધ્યાન આપવાની જરૂર દેખાઇ રહી છે

માર્કેટ વેલ્યુ હજારો કરોડમાં છે

ટોપ પાંચ ફુટબોલર

દુનિયામાં કેટલાક ખેલાડીની માર્કેટ વેલ્યુ હજારો કરોડોમાં છે. જે નીચે મુજબ છે

નામ	માર્કેટ વેલ્યુ
લિયોનેલ મેસ્સી (આર્જેન્ટિના)	૧૪૪૧ કરોડ
નેમાર જુનિયર (બ્રાઝિલ)	૧૪૪૧ કરોડ
કેવિડ ડે બ્રુન (બેલ્જિયમ)	૧૨૦૩ કરોડ
હેરી કેન (ઇંગ્લેન્ડ)	૧૨૦૩ કરોડ
મોહમ્મદ સલાહ (ઇજિપ્ત)	૧૨૦૩ કરોડ

બાળક તો બાળક જ છે તેમને ક્યાં હાઇજીનની માહિતી હોય છે...

વર્ષે ૩૦ લાખ બાળકોને ઈન્ફેક્શન

બાળક તો બાળક છે. તેમને હાઇજીન અંગે ક્યાં કોઇ માહિતી હોય છે. આ જ કારણસર બાળકોને ગંદા હાથે જમતા અને ધુળ ભરેલી જગ્યાએ પણ રમતા જોઇ શકાય છે. તે બાબત સ્વાભાવિક છે. પરંતુ આ વાત પણ ૧૦૦ ટકા સાચી છે કે આવા જ માસુમ બાળકોમાં હેલ્થ સંબંધી તકલીફ વધારે રહે છે. તેમનામાં અનેક પ્રકારની તકલીફ હોઇ શકે છે. એમ પણ હવામાન લગતી તકલીફમાં બાળકો વારંવાર ફસાતા રહે છે. ગંદકી અને પરસેવાથી બાળકોને કેટલીક તકલીફ થઇ શકેછે. વિશ્વ આરોગ્ય સંગઠનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દુનિયાભરમાં દર વર્ષે ૩૦ લાખ બાળકો ઈન્ફેક્શનના શિકાર થઇ જાય છે. ભલે ઈન્ફેક્શનનો શિકાર થયેલા આ ૩૦ લાખ બાળકોને રસી મારફતે ૨૦લાખ બાળકોને બચાવી લેવામાં સફળતા મળી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે આ સંખ્યા સતત વધી રહી છે. એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ૪૭ ટકા બાળકો કુપોષણનો શિકાર છે. હકીકતમાં ગંદકીના કારણે પેટમાં ઈન્ફેક્શનની શક્યતા વધારે રહે છે. જેના કારણે જરૂરી તત્વો પેટની બહાર નિકળી જાય છે. જેની સીધી અસર દિમાગ પર પડે છે. ભોજન પહેલા હાથ સાફ ન કરવાની ટેવ, પાર્કમાં દુષિત પાણી પીવા અનેમાટી ખાઇ લેવા જેવી ટેવ બાળકોમાં રહે છે. આ પ્રકારની એક સમસ્યા કૌલરા ઈન્ફેન્ટમના સકંજામાં બાળકો આવી જાય છે. આ એક પ્રકારની ડાયરિયાની સ્થિતી જ છે. સમર ડાયરિયામાં બાળકને વારંવાર લુઝ મોશન થઇ જાય છે. શરીરમાં પાણીની કમી થઇ જાય છે. બાળક કમજોર બની જાય છે. ગરમીમાં

બાળકોને ગંદા હાથે જમતા અને ધુળભરેલી જગ્યાએ પણ રમતા જોઇ શકાય છે : આવા બાળકોમાં હેલ્થ સંબંધી તકલીફ ઘણી હોઇ શકે છે

બાળકોને કેટલાક પ્રકારની સ્કીન તકલીફ પણ થાય છે. આ ૨૫થી ૩૦પ્રકારની હોય છે. જો હાઇજીન પર ધ્યાન રાખવામાં ન આવે તો પરેશાની વધી શકેછે. પરસેવોથવાના કારણે સ્કીન પરના પોરેસ બંધ થઇ જાય છે. બાળકોને કોઇ પણ પ્રકારની પરેશાનીથી બચાવી લેવા માટે તે સાફ સુથરા રહે તે જરૂરી છે. પર્સનલ હાઇજીનના મામલે બાળકોને માહિતી આપવી જોઇએ. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાંઆવ્યુંછે કે હોસ્પિટલમાં નવજાત શિશુ દર વર્ષે લાઇફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણેથાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવુંછે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં ઘણી મોટી સંખ્યામાં મહિલાઓનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે. પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોનાં મોતનો આંકડો પણ ઓછો નથી..બાળકોને દરરોજ કસરતની ટેવ પાડવામાં આવે તો તેના કારણે ફાયદો થાય છે. દરરોજ બે વખત સ્નાન કરવાની ટેવ પાડવાની જરૂર હોય છે. બે વાર સ્નાન કરવાથી પરસેવામાં એકત્રિત થયેલા બેક્ટિરિયા બોડીથી દુર થઇ જાય છે. જેથી સ્કીન તકલીફની શક્યતા ઓછી થઇ જાય છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી એક INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.
સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર ઓટોમેટિક થ્રેશર
ઘઉં-ચણાનું (ડાંગર, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, મકાઇ - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર
સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર
સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર
સબસીડીપાત્ર ૬ ફૂટ ૭૬૨

હાર્વેસ્ટર (ભીની તથા મોટું)
(સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર)
સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ ૬૨૨

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર
ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/ભોંકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી)
સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો
લેઝર લેવલર (સિંગલ - ડબલ ટ્રેક્ટર)
ઓસ્ટ્રીયુમ જર્મની - ઇટાલી સબસીડીપત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર)
હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું
પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર,
પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન,
બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, ચાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત રૂબરૂ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો | અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.
દેશ-વિદેશનાં લેતા ભાઈ-બહેનો વેરલેસ કોલથી કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ એકવાર ફોન કરો લાભ લો.

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરઓરીએન્ટેશન જોબ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો, દેશ-વિદેશની એ ટુ ઝેટ ગુપ્ત તમસ્યા, પતિ-પત્નીની સેક્સ્યુઅલ પ્રોબ્લેમ, સંતાનપ્રાપ્તિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમો સેક્સોલોજીસ્ટ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લગ્નપ્રોબ્લેમ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરૂષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-રોગ, ગુપ્ત રોગ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું સમસ્યા, મેલીવિદ્યા, મૂઠયોટ, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન, સ્વપ્નદોષ, અંગત સૈકસ સંબંધ, ખોડા વહેમ, આડા તાંબંધ, સ્વપ્ન કે ઈન્દ્રીયો માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ

હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઇ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ
મોબાઇલ, ઇલેકટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર, રિયલ એસ્ટેટ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ, અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઇ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.

ઘરે બેઠા કામ થશે

નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યકિત, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

Note : If Husband, Son or Boy Friends not Listening to your advice Cont Immediately

વડોદરા, ગુજરાત. M. 9574776699

VIMOX™ INNOVATION



Customer Care
72260 72333 | 72260 72444 | 72260 72555
Web.: www.vimoxindia.com E-mail: vimoxindia@gmail.com

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...

અમદાવાદના પ્રખ્યાત ઢાલગરવાડવાળા

નુ ફેન્સી સીંગલ/ડબલ બેડ ચાદરોનું ભવ્ય સેલ ટુંક સમય માટે જ ફકત ટુંક સમય માટે જ

સીંગલ બેડ 4 ચાદર ₹550 મર્યાદિત સ્ટોક

ડબલ બેડ 3 ચાદર જયપુરી ચાદર કવર સાથે ₹999 મર્યાદિત સ્ટોક

ટુવાલ-નેપકીન, સીંગલ-ડબલ બેડ ચાદર, કાર્પેટ, દોહર, દોહર સેટ, પિલો કવર, કુશન કવર, રજાઈ કવર, ભાગલપુરી સાલ, સોલાપુરી ચોરસા, દીવાન સેટ, બેડ રનર, પગ લુછણીયા, આસન, કમ્ફર્ટર
રેમન્ડ, રીલાયન્સ, મફતલાલ, ટ્રાઈડેન્ટ, વેલસ્પન જેવી બ્રાન્ડેડ કંપનીઓના ડબલબેડ પર હેવી 50% ડીસ્કાઉન્ટ

કુમકુમ હોલ (A.C.હોલ) પહેલા માળે, ઉદય કુડલેન્ડ, અમુલ પાર્લર પાસે, મધુરમ પાર્ટી પ્લોટ સામે, ઝાડેશ્વર, ભરૂચ.મોઃ 9638672495

સમય : સવારે ૧૦ થી રાત્રે ૯, શુક્રવારે બપોરે ૧ થી ૨ બંધ (રવિવારે ચાલુ)

Claver Computer

Think Different

Mo.90992 33071

Scholarship Courses		Govt. Certified Course	
1. D.C.A	(6 Months)	1. CCC	2600/- (2 Months)
2. MDICM	(1 year)	2. D.T.P	4500/- (3 Months)
(Bag, I-Card, Fees Card, Online Login id Include)		3. Tally	3000/- (2 Months)
		4. Ms Office	1500/- (1 Months)

Services Of Claver Computer

(1) All Type Of Repairing (2) All Online Work (Pan Card Form Filling)
(3) Selling, Computer Accessories Mouse, Keybord, Perdrive, Available

• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

TANISH
Physiotherapy & Fitness Clinic
૨૦૦૪ થી કાર્યરત ફિઝીયોઝોરાપીસ્ટ
Dr. Khushboo Joshi
M.P.T. [Ortho]. N.D.T. MIAP. M.I.A.F.T.
Certified Advance Fitness Trainer
Certified Aesthetic Practitioner
ઉપલબ્ધ સુવિધાઓ
• ફ્રોઝન શોલ્ડર, આર્થ્રોસ્કોપી, સર્જરી પછીની કસરતો.
• ટેનીસ એલ્બો, ગાલ્ફર એલ્બો વગેરેની કસરતો.
• ઘૂંટણ-થાપના આર્થ્રોસ્કોપી સર્જરી કે રીપ્લેસમેન્ટ પછીની કસરતો.
• ઘૂંટણની ગાદી, લીગામેન્ટ ફાટી ગયા પછીની સારવાર.
• હાડકાના ફ્રેક્ચર પછીની કસરતો.
• કમરના મણકાનો ઘસારો, ગાદીની કે નસની તકલીફો, હાથ-પગમાં ઝણઝણાટી ભરાવી.
• પાર્કિન્સોનીઝમ,લેકેન્સ પોબ્લેમ, સ્ક્વાની કસરતો, ફ્રેંશીયલ પાલ્સની કસરતો.
• મોઢુ ખોલવામાં તકલીફ, કેન્સર પછી મોઢુ ઓછુ ખુલ્વુ વગેરેની કસરતો.
• ગઠીયો વા, ફ્રુરીક એસીડથી થતો ગાઉટ, ઘૂંટણનો ઘસારો વગેરેના નિવારણ માટેની કસરતો.
• પેરાલાઈસેક્વામાં થતી તકલીફ-ફ્રુરીનરી ઈન્કન્ટીનન્સની સારવાર.
ફિઝીકલ મેકઓવર સ્ટેશન
વજન ઉતારવા માટે
કસરતો, ઈલેક્ટ્રીક સ્ટીમ્યુલેટર,ડાયેટ
ફિટનેસ કસરતો
પિલટિસ યોગા, પાવરયોગા સ્ટ્રેંથ ટ્રેઈનીંગ, સ્ટેમીના બીલ્ડરપ્રો
કસરતના મશીનો
સાયકલ, ટ્વીસ્ટર,વેસ્ટસ્યુબ,એન્ડ બ્રેગ્સ, જીમ બોલ, મેડીસીન,બોલ એન્ડ બ્રેગ્સ
બોડી ટોનીંગ અને ફર્મીંગ
૧૬ ચેનલ ઈલેક્ટ્રોનીક મશીન સ્ટીમ્યુલેટર
ઈન્ટરવલ ઈંચ લોસ
કેવીટેશન, R.F., લેસર મીપો
ડાયેટ કોર્મેશન
વજન ઉતારવા- વજન જાળવવા ફીટનેસ જાળવવા
ઓનલાઈન ફીટનેસ
કસરતની વીડીયો-ડાયેટ કોર્મેશન-સતત માર્ગદર્શન
ફીટનેસ ફોર ઓલ
સીનીયર સીટીઝન, ખોડખાપણ વાળા આર્થરાઈટીસ વાળા, સ્પોંડીલાઈટીસ,વાળા લાકો પણ વજન ઉતારો
તનિશ કોસ્મેટીક અને હેર સેન્ટર
ખરતા વાળ-ખોળો
ખરતાવાળ-ખોડો, હેર રીગ્રોથ માટે હેર ટોનીક, હેર સીરમ
ખીલ-ખીલના ડાઘ
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ ક્રીમ બેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ ડર્મારોલર
આંખના કાળા કુંડાળા
અન્ડર આઈ સીરમ, કેમીકલ પીલીંગ
શરીર ના કાળા ભાગ
બગલ, કોણી, ઘૂટણ, ઘૂંટી માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ, મેસોથેરાપી વીથડર્મારોલર, ક્રીમ બેઝ પ્રોગ્રામ
એન્ટી એજીંગ (ઘુંથ ગોથ)
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ, મેસોથેરાપી વીથ ડર્મારોલર,ક્રીમ બેઝ પ્રોગ્રામ, સ્નો સેલ પીલીંગ
ઈન્સ્ટન્ટ ફ્રેરનેસ
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ ક્રીમ બેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ ડર્મારોલર
સ્કીન મેઈનટેનન્સ
(ડ્રાય નોર્મલ ઓઈલી સ્કીન, ક્રીમ બેઝીઝ પ્રોગ્રામ માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ,
સ્કાર ટ્રીટમેન્ટ
સર્જીકલ-એકને.... માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ મેસોથેરાપી વીથ ડર્મા રોલ ક્રીમ બેઝીઝ પ્રોગ્રામ
ક્લીનીક પર આવતા દરેક દર્દીને સલાહ ને કસરત માત્ર ડૉ. ખુશ્બુ જોશી દ્વારા જ કરાવવામાં આવે છે.
4 & 5, ધવલ એપાર્ટમેન્ટ, રાંદેર ટેલીફોન એક્ચેન્જની બાજુમાં અમીધારાવાડી ચોકસીવાડી રોડ, અજરામર ચોક, રાંદેર, સુરત.
94275 55696,97269 10173
હોમ વિઝીટ સુવિધા ઉપલબ્ધ છે.
Visit us on : www.tanishphysioandfitness.com

SHREE GANESH MOBILE
મોટી ખુશી, નાના હપ્તે
સરળ હપ્તે ફોન વસાવો.
0%
0% Down Payment
0% Processing Fees
0% Interest
BAJAJ FINSERV EMI FINANCE
HOME CREDIT
HDFC BANK We understand your world
IDFC FIRST Bank (CAPITAL FIRST)
Pine Labs Pioneering Payment Technologies NO COST EMI
ડેબીટ કાર્ડ પર
વ્યાજ વગર સરળ હપ્તે
મોબાઈલ મેળવો.
All Debit & Credit Card Accepted

Dear Friend
FANTASTIC BUSINESS OPPORTUNITY
WORK FROM HOME
EARN EXTRA INCOME
FULL / PART TIME
POTENTIAL OF THE BUSINESS
NO BOSS , BE YOUR OWN BOSS
Work 2-4 Hours a day
For Everyone Above 18 Years
Experience / Qualification Not Require
No Door to Door Sales, No Targets
WHAT IS YOUR NO.1 PRIORITY?
- Extra Income
- Time Freedom
- Income Security
- Good Health
- Peace of Mind
- Own Home
- Own Cars
- Leave a Legacy
- Income Diversification
- higher Education of kids
- Charities
- Helping Others
- Name, Fame & Recognition
- Life of Significance
- Foreign Trips
Call : 9712708570
Income may vary by person to person

STAR STUDENT HUB
THE CBSE COACHING CLASS
Delivering 100% Result since last 4 years of CBSE Xth
CBSE Std 10th Mar-15 = 100% CBSE Std 10th Mar-17 = 100%
CBSE Std 10th Mar-16 = 100% CBSE Std 10th Mar-18 = 100%
ADMISSION OPEN
For CBSE Std. 8th 9th 10th & 12th Science A.Y. 2019-20
We Prepare our Students for Excellence !!!
CBSE Std. 10th Batch Started From 15th March
CBSE Std. 8th, 9th & 12th Science Batch Commencing From 1st April
CBSE Xth March - 18 Result
PATEL FAIZAN (Matliwala) 9.40 CGPA
MISTRY BHARGAV (Matliwala) 8.30 CGPA
PATEL KAISH (Matliwala) 8.15 CGPA
UGHRADAR SABAH (Matliwala) 8.00 CGPA
BABAR MOHAMMED (Matliwala) 8.00 CGPA
PATEL UMAR (Matliwala) 7.40 CGPA
PATEL AKILA (Matliwala) 7.10 CGPA
Our Salient Features :
- Limited Students per Batch.
- Study Material according to CBSE Syllabus
- Ontime course completion
- Teachers with 10+ years of Teaching Experience
For more details please contact personally between 9a.m. to 11a.m. & 5p.m. to 7p.m.
Address : F-15, Mohammedi City Corner, Mohammedpura, Bharuch. 63559 17535

Podar Jumbo Kids
EYFS UK's Pre-School Curriculum
Playgroup, Nursery, Jr. KG, Sr. KG
Experiential Learning
Stress Buster Activities
Multi Sensory Spa
Kinaesthetic Learning
Left & Right Brain Co-ordination Activities
Aroma & Colours for Mental Alertness
3D Teaching Technology
Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની
પ્રખ્યાત ડોમેસ્ટીક,
એગ્રિકલ્ચર અને
ઈન્ડસ્ટ્રીયલ
પમ્પસની
વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ,
બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
- સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
- વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
- લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
- સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
- લક્ઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
- સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
- લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
- એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
- હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
- શેતરંજી - આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ
AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર
AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર
Non AC Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
દિવસ-૧૨
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trip

Dr. Hetal's Advanced Dentistree
Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT
CROWN & BRIDGE
ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

૧૫૦ YEARS OF CELEBRATING THE MAHATMA
ખાદી ગ્રામોદ્યોગ કમીશન
અમદાવાદ દ્વારા આયોજીત
Khadi India
ખાદી તથા ગ્રામોદ્યોગ નું
ભવ્ય પ્રદર્શન અને વેચાણ
પ્રદર્શનમાં ખાદીના હાથવણાટથી બનેલા કાપડ અને તૈયાર વસ્ત્રો ઉપર ખાસ સરકારી વળતરનો લાભ મેળવો.
૧૦% થી ૨૫%સુધી વળતરનો લાભ મેળવો
ખાદી વસ્ત્રોનો વધારેમાં વધારે ઉપયોગ કરી હાથ વણાટ કરતા ભાઇ-બહેનો ને રોજી આપવામાં અમને સાથ સહકાર આપશો.
ખાદીનું દરેક પ્રકારનું કાપડ, તૈયાર શર્ટ, ઝભ્ભા, લેંઘા, સદરા, અને આયુર્વેદીક દવાઓ, અથાણા, પાપડ, સાબુ, બુટ, ચંપલ, તથા અનેક પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ મળશે.
સ્થળ : હોસ્ટેલ ગ્રાઉન્ડ, પાંચબત્તી, ભરૂચ.
તા.10-3-19 થી 24-3-19 • સમય : બપોરે 12 થી રાત્રે 10 કલાક

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
- ઈન્ટરનેશનલ વર્લ્ડવાઇડ વોરંટી
- લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
- ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ
- જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

PODAR WORLD SCHOOL
EYFS Uk's Pre-School Curriculum
3D Teaching Technology
Innovative Learning with Tablets
- Motion based Gesture Controlled Learning
- Ranked #1 Pre-School
- Learning through AR / VR
- Gamification of Learning
- 92 Years of Experience
- International Student Debates through Video Conferencing
- CCTV Security Surveillance
- RFID with SMS Alert for Parents
ADMISSIONS OPEN
Playgroup to Class VIII
Near Rajpipla Cross Road, Behind Varsha Hotel, NH-8
Ankleshwar - 7201048000

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગ્રૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

GLOBAL INSTITUTE OF DIGITAL ARTS

ADMISSION OPEN

યુવા પેઢી માટે પ્રોફેશનલ કેરીયર બનાવવા માટેની ઉત્તમ તક...

માત્ર 3 મહિનામાં શીખો
પ્રોફેશનલ એનિમેશન અને
મેળવો ખાત્રી પૂર્વક નોકરી...
સાથે સાથે એનિમેટ કરો
ટી.વી શો ના કેરેક્ટરો

કોર્ષ ફી ઓફર

~~રૂ. 3,૫૦,૦૦૦/-~~

માત્ર રૂ. ૧,૦૦,૦૦૦/-

પ્રારંભિક પગાર :
૮,૦૦૦/- પ્રતિ માસ

Leval	Animator
Junior Level	8,000/-
Mid Level	1,00,000/- to 2,00,000/-
Senior Level	3,50,000/- to 5,00,000/-

બહાર ગામથી આવનાર વિદ્યાર્થીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

301, Avalon The Business Hub, Opp. Patidar Sama Bhavan, Katargam, Surat-395004. Gujarat (India)
Contact : +91 701 681 3898 info@gidaweb.com www.gidaweb.com

education &career expo 2019

Where ambition meets opportunity



DATE :- 11th & 12 th MAY 2019
TIME :- 11 AM TO 8 PM
VENUE :- SCIENCE CENTRE,CITY LIGHT ROAD , SURAT
FOR MORE INQUIRY : 7990624255 , 8849329844 , 9638437797 , 8866833000

CONCEPTUALIZED BY: aura ACADEMY ISO 9001 : 2008 OPEN MINDS, CREATING FUTURE
COMMUNITY PARTNER: Young Istaan BORN TO LEAD

education &career expo 2019

100 + Career Option Available
On Spot Counselling



Meet & Connect With Different Institute

Date :- 11th & 12th May 2019
Time :- 11 Am To 8 Pm

Venue :- Science Centre , City Light Road , Surat.
For More Inquiry : 7990624255 , 8849329844 , 9638437797 , 8866833000

Aapka Holidays Limited

Package cost
20 ,999 PP
(Landpackage)

6 Nights
7 Days

1N BANGALORE / 2N COORG / 1N MYSORE / 2N OOTY



Day 1: Pickup from arrival. Transfer to a hotel, after lunch visit Lalbagh, Vidana Soudha, Museum and ISKON temple. Overnight stay @ Bangalore.
Day 2:Pick up from the arrival and proceed to Coorg. Enroute visit Tibetian Golden Temple, NisargaDhama. On arrival check in to a hotel. Evening visit Raja's Seat. Overnight stay @ Coorg.
Day 3:After breakfast Proceed to Talacaveri, Bhagamandala, Omkareshwara Temple and Abby Falls. Overnight stay @ Coorg.
Day 4:After Breakfast Check out and proceed to Mysore. Check into the Hotel on arrival. Later visit Chamundi Hills, bull Temple, Maharaja Palace. Evening proceed to Brindavan Gardens. Overnight stay @ Mysore
Day 5:After breakfast checkout and proceed to Ooty, on arrival in Ooty checking to a hotel. After lunch visit Ooty lake & Botanical Gardens. Overnight stay @ Ooty
Day 6:After breakfast Proceed to Coonoor. Coonoor Sight seeing(Sims Park, Lams Rock, Dolphin Nose, Tea Garden and Tea Factory) and Doddabetta. Overnight stay @ Ooty
Day 7:After breakfast checkout and proceed to Bangalore or Mysore to board your train or flight.

Contact - 9099012983 / 8469350983

Head office - 24" 25,Shree rang multiplex, INOX, zadeshwar road , Bharuch
Branch office - 1st floor , Highfield Ascot , VIP road , Vesu ,Surat
Email - sales@aapkaholidays .in www.aapkaholidays.in

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ

સંચાલિત

મિશન હેલ્થી ઈન્ડિયા

Reg.No. :F/2336/SURAT An ISO : 9001-2015 CERTIFIED

મિશન હેલ્થી ઈન્ડિયા લાવ્યું છે પુરા એક પરિવાર નું રાશન બજાર મૂલ્યથી ઓછા ભાવમાં



નં.	પ્રોડક્ટનું નામ	વજન
૧	ખાંડ	૨ કિલો
૨	ચોખા(બાસમતી)	૧ કિલો
૩	મગ દાળ	૧ કિલો
૪	તુવેળ દાળ	૧ કિલો
૫	ડિટર્જન્ટ પાવડર	૧ કિલો
૬	ઘાણાજીરૂ પાવડર	૨૦૦ ગ્રામ
૭	કપડા ધોવાનો સાબુ	૫ નંગ
૮	વાસણ ઘસવાનો સાબુ	૫૦૦ ગ્રામ (૧ નંગ)
૯	ચા સુપર ક્વોલીટી	૫૦૦ ગ્રામ

એક ડગલુ સમાજના ઉત્થાન તરફ...





એક કીટ ફક્ત ~~૬૫૦/-~~ ૪૫૦/- રૂપિયા માં

આજે જ આપણું મિશન હેલ્થી ઈન્ડિયા રાશન કાર્ડ બનાવો.

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ
ઓલ ગુજરાત પ્રેસીડેન્ટ

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ
ઓલ ગુજરાત વાઈસ પ્રેસીડેન્ટ

ગૌતમભાઈ મો. 93271 28708

ગૌતમ ભારતીય સેવા કેન્દ્ર

કેરટેકર મળશે....

પથારીવશ દર્દીઓની સેવા-સંભાળ માટે તથા બેબી કેર માટે વિશ્વાસુ, અનુભવી આયા-બહેનો તથા ભાઈઓ ઘેર બેઠા મેળવવા માટે મળો.

૯૦-શંકરનગર સોસાયટી, પાલનપુર પાટિયા, ગણેશમંદિર સામે, સોના હોટલ પાસે, રાંદેર રોડ, સુરત.

રૂબરુ મુલાકાત માટે અગાઉથી ફોન કરી મળવું.

ગ્રેજ્યુએશન બાદ વધુ ભણતર માટે બે વર્ષનો ગેપ લેવાની વિદ્યાર્થીઓને સલાહ

નોકરી દરમિયાન થયેલા અનુભવોથી રૂચીની પરખ થશે

સુરત

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવારથી 'કેરીયર ગાઈડન્સ મહોત્સવ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આજરોજ મહોત્સવના ત્રીજા દિવસે ઓરો યુનિવર્સિટીના ડીન ડો. રોહિત સિંઘ તથા પ્રોફેસરકમલ મનાક તોલાઅને શ્રી અવિનાશ એન્જીનિયર દ્વારા વિદ્યાર્થીઓનેબેંકીંગએન્ડ એકાઉન્ટ્સ, હોટેલ એન્ડ હોસ્પિટાલિટી અને ડિઝાઈનીંગક્ષેત્રે કારકિર્દી ઘડતર માટેમાર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ડો. રોહિત સિંઘે જણાવ્યુ હતુ કે આપણા દેશમાં એકચ્યુરીયલ સાયન્સિસ માટે વિપુલ તક છે. વિદ્યાર્થીઓ સીએ અને સીએફએ કરી શકે છે. એકાઉન્ટ્સની સાથે મેનેજમેન્ટ ડીગ્રી અને સ્પેશ્યલાઈઝેશન કરવાની જરૂર છે. ધોરણ ૧૨ કોમર્સ પાસ કરનાર વિદ્યાર્થીઓ ગ્રેજયુએશન બાદ બેંકીંગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકે છે. સરકારી તેમજ ખાનગી બેંકોમાં પ્રોબેશનલ ઓફિસર બની શકે છે.

તેમણે ગ્રેજયુએશન બાદ વિદ્યાર્થીઓને બે વર્ષ માટે ગેપ લેવાની પણ સલાહ આપી હતી. બે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ નોકરી કરે અને નોકરી દરમિયાન થયેલા અનુભવમાંથી પોતાની રૂચી ઓળખી શકે. ત્યારબાદ તેઓ પોતાની ગમતી સ્ટ્રીમમાં માસ્ટર ડીગ્રીહાંસલ કરી કારકિર્દી બનાવે. તેમણેસિવિલએવીએશન, ફાયનાન્શીયલ કેપીટલ માર્કેટ,એનીમેશન એન્ડ કોમ્યુનિકેશન, ડિઝાઈનીંગ, ક્રિએટીવ આર્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટમાં ડિપ્લોમા કરીને પણ કારકિર્દી બનાવી શકાય તેમ જણાવ્યુ હતુ.

પ્રોફેસર કમલ મનાકતોલાએ હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ટુરીઝમ મોટુ છે. વૈશ્વિક સ્તરે દરવર્ષે ટુરીઝમ ક્ષેત્રમાં દસ ટકાનો વિકાસ થઈ રહયો છે. ટુરીઝમને કારણે દેશભરમાં હોટેલો બની રહી છે. આથી હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ક્ષેત્રે નોકરીની વિપુલ તકો રહેવાની છે.

શ્રી અવિનાશ એન્જીનિયરે વિદ્યાર્થીઓને ડિઝાઈનીંગ કારકિર્દી ઘડતર માટે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ જેવી કે ચમ્માથી માંડીને કપડાં સુધીની ડિઝાઈન થાય છે અને ભવિષ્યમાં પણ થવાની છે. ડિઝાઈનીંગમાં વિદ્યાર્થીઓ માટે આર્કિટેકચર ક્રિએટીવ ફિલ્ડ છે. ઈન્ટીરીયર ડિઝાઈનીંગ, ફેશન ડિઝાઈનીંગ, ગ્રાફીકસ ડિઝાઈનીંગ જેવા અનકન્વેશનલ કોર્સ છે. ગ્રાફિકસ, એનીમેશન અને એડવર્ટાઈઝમેન્ટમાં પણ વિદ્યાર્થીઓ કારકિર્દી બનાવી શકે છે. આજના સેશનમાં ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી જગદીશ ટેકરાવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાત વકતાઓએ વિદ્યાર્થીઓ અનેવાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઈડન્સ મહોત્સવના ત્રીજા દિવસનું સમાપન થયુ હતુ.

જમ્મુ-કાશ્મીરના માઈગ્રેટ મતદારો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે છે

પોસ્ટલ બેલેટથી મતદાન કરવા ચૂંટણી પંચે વ્યવસ્થા ઉભી કરી

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા જમ્મુ અને કશ્મીર રાજયના કશ્મીરી માઈગ્રન્ટ ઈલેકટર્સ માટે મતદાનની સુવિધા માટેની વિશેષ પ્રકિયા બાબતે વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. જે અનુસાર આવા M-Voter એટલે કે, જમ્મુ અને કશ્મીરના રેસીડેન્ટ કમિશનર દ્વારા ઈસ્યુ કરાયેલ પ્રમાણપત્ર અનુસાર જમ્મુ અને કશ્મીરના રાજયના મતદાર હોય, પરંતુ કશ્મીરમાં પોતાની વિધાનસભા મતવિસ્તારની બહાર રહેતા હોય અને જમ્મુ, ઉધમપુર, દિલ્હી ખાતેના રાહત કેમ્પોમાં કે આસપાસ વસવાટ કરતા હોય અથવા ભારતમાં અન્ય કોઈ પણ સ્થળે વસવાટ કરતા હોય તેવા કાશ્મીરી માઈગ્રેટ મતદારો માટે જમ્મુ, દિલ્હી અને ઉધમપુર ખાતે ઉપલબ્ધ કરાવાયેલ મતદાન મથકોએ રૂબરૂ જઈને મતદાન કરવાની અથવા પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની વ્યવસ્થા ચુંટણીપંચ દ્વારા કરવામાં આવી છે.

આવા એમ-વોટર હાલમાં વસવાટ કરતા હોય તે વિધાનસભા મતવિસ્તારની ERO કચેરીએ મુલાકાત લઈ ફોર્મ-એમ અને ફોર્મ-૧૨C, રહેઠાણના પુરાવાઓ, માઈગ્રેશન સર્ટીફીકેટ રજુ કર્યેથી તેઓ માટે મતદાનની વ્યવસ્થા કરવામાં આવશે.

અંકલેશ્વર પીઆઈ શેખના ટેલીફોન મેસેજથી સુરતની મહિલા વકીલ હેરાન

ટેલીફોન મેસેજ વડે લગ્ન કરવા દબાણ કરતા પાંડેસરા પોલીસમાં મહિલા વકીલે ફરિયાદ નોંધાવી

સુરત

સુરતમાં સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતી વેળા સંપર્કમાં આવેલી મહિલા વકીલને અવાર નવાર ફોન કરી મેસેજો મોકલી લગ્ન માટે દબાણ કરનાર હાલ અંકલેશ્વરમાં પીઆઈ તરીકે ફરજ બજાવતાં આઈઆઈ શેખ વિરૂદ્ધ મહિલા વકીલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાંડેસરા વિસ્તારમાં રહેતી અને વકીલાત કરતી યુવતીએ આરોપી આઈ. શેખ (પોલીસ ઈન્સ્પેક્ટર, બ્રીજનગર સોસાયટી, અંકલેશ્વર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી પો.ઈ. આઈ.આઈ. શેખે સને ૨૦૧૬ થી આજદિન સુધી ફરિયાદીને અલગ-અલગ મોબાઈલ નંબરો ઉપરથી ફોન કરી મેસેજો કરી ઈ-મેઈલ કરી પોતાની સાથે વાતચીત કરવા તેમજ લગ્ન કરવા માટે સતત દબાણ કરી હેરાન પરેશાન કરી ગુનો કર્યો હતો. પાંડેસરા પોલીસે ફરિયાદ નોંધી આરોપી પીઆઈ આઈ.આઈ. શેખ વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૫૪ (ડી) મુજબનો ગુનો દાખલ કર્યો હતો.

ઉમરપાડાની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ

લોકશાહી મહાપર્વમાં જોડાવા વિદ્યાર્થીઓની અપીલ

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત આગામી ૨૩મી એપ્રિલના રોજ યોજાનાર મતદાનને અનુલક્ષીને સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાની વનરાજ હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓએ સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ નાના ભૂલકાઓએ મતદાન જાગૃતિ રેલી યોજી લોકશાહીના મહાપર્વમાં વધુમાં વધુ મતદાન કરવાનો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો.

લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત શહેર-જિલ્લામાં મતદાર પ્રત્યે લોકજાગૃતિ કેળવાય તેવા આશયથી શાળાના બાળકોએ રેલીમાં 'મત આપવો આપણી પવિત્ર ફરજ છે, છોડ કે અપને સારે કામ પહેલે ચલો કરે મતદાન, સાચુ મતદાર લોકશાહીનો ધબકાર, જાગો મતદાર જાગો જેવા સૂત્રોચ્ચાર સાથે ગામડાની શેરીઓને ગજવીને લોકશાહીના મહાપર્વમાં જોડાવાની સૌને હાકલ કરી હતી. આ ઉપરાંત શહેરી વિસ્તારની શાળાઓમાં પોસ્ટરો લગાવીને મતદારોને જાગૃત કરાઈ રહ્યા છે.

સુરત સંસદીય ક્ષેત્રમાં પાંચ નિરિક્ષકો નિમાયા

સુરત

લોકસભા સામાન્ય ચુંટણીમાં ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગ માટે ચુંટણી ખર્ચ લડતા ઉમેદવારોના ખર્ચ પર દેખરેખ રાખવા માટે શ્રી વિનાયક ભાટ તથા શ્રી રાધવેન્દ્રસિંગની નિમાયા છે જયારે જનરલ ઓબ્ઝર્વર ડો.એન.મંજુલા તથા શ્રીમતી શાલીની પાંડે તથા કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ ઓબ્ઝર્વર શ્રી સુનીલકુમાર નાયક સુરત આવી પહોચ્યા છે. જેઓ મતદાન થી મત ગણતરી સુધીની તમામ પ્રક્રિયાની દેખરેખ, ખર્ચ, મોનીટરીગ કરશે.

પીપોદરા જીઆઈડીસીમાં માલ વેચાનો મુદ્દે વેપારી પર હુમલો

વેપારીને તમાચા મારી નાખવાની ધમકી

સુરત

કોસંબા ટેમ્પા ગામ પીપોદરા જીઆઈડીસી પાસે એક વેપારીને મા બેનની ગાળો આપી એક આરોપીએ ગાલ પર તમાચાઓ મારી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કોસંબા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે આઈપીસી ૩૨૩, ૧૦૪, ૫૦૬/૨ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભગવાન દાદા મંદિરની પાછળ આવેલી કિષ્ણા પાર્ક સોસાયટીમાં નિલેશભાઈ જૈન રહે. ગત તા.૧ લી એપ્રિલના રોજ નિલેશ પોતાના ઘરના આંગણામાં બેઠો હતો ત્યારે આરોપી નીતિન ચોવટીયા અને તેની સાથેના અન્ય બે ઈસમોએ તેની પાસે આવી અમારો માલ વેચવા કેમ દેતો નથી? તેમ જણાવી ગાલ પર તમાચાઓ મારી ફરાર થઈ ગયા હતા. સાથે સાથે આરોપીઓ દ્વારા નિલેશને મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

BETTER CAREER MANAGEMENT BCM SINCE 1996
બેટર કેરિયર મેનેજમેન્ટ
સરકાર માન્ય
CCC, TALLY, GST
DTP, MS OFFICE
સ્પોકન ઈંગ્લીશ & FRENCH
ડિજીટલ ટેક્ષ્ટાઈલ,એબ્રોઈડરી ડિઝાઈન
DILHI GATE 2042, Belgium Square 9979860058
RANDER ROAD 9,PATEL PARK, TADWADI 9825160603
HONEY PARK 203, GREEN PLAZA 9825042891

Jay Jagannath Agrotech
જય જગન્નાથ એગ્રોટેક
ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર
૭, કિશ્ના કોમ્પલેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાર્વે રોડ, ભાવના. ફિ. અમદાવાદ. મો. ૯૪૧૪ ૧૧૫ ૧૧૫, ૯૪૨૭૩ ૬૦૫૪૮, ૯૧૫૮૨ ૩૦૪૬૪
દેવી પંજાબ — ડીશ હેરો (ભાડે તથા વેચાણ) — ૬ X ૬ ની તથા ૮ X ૮ ની ટાયરવાળી સાદી/હાઈડ્રોલીક તથા મીની ટેક્ટરની ડીશ હેરો — સબસીડીપાત્ર
પાછળ ચાવવાનું — હાથનું રીપર — ૧ કલાકમાં ૧ વીઘર ડિઝલમાં ૧ વિઘાનું કામ — સબસીડીપાત્ર
ટ્રેક્ટર રીપર (આગળનું પાછળનું)
ડીલર — ઊપણવાનું ગ્રેશર (ઉિવેલાનું) ૩ ફૂટ (વાદળી તથા લાલ કલરમાં) સબસીડીપાત્ર
પ્લાઉ - રીવર્સ પ્લાઉ તથા હાઇડ્રોલિક પ્લાઉ — સબસીડી પાત્ર
લાઈન ગાળવાનું મશીન — ટ્રેક્ટર પાછળ લાગતું ફુલ્લી ગેઅરવાળુ ૩ થી ૬ ફૂટ ઊંડાઈનું (મહી પહોળી ૩૬ઈ) ૩૦૪૩૬ રપ૦ થી ૬૦૦ ફૂટ (જમીનનું)
બ્રશ કટર — રજકો, ઘાસ વાઢવા, શેરડા-વાડ ચોખ્ખા કરવા માટે — સબસીડીપાત્ર
ચાલુ ટ્રેક્ટર — ઉપાડ-એંદડાની ઝાંડી કપી — સબસીડીપાત્ર — ચૂરો કરતું મશીન — શ્રેડર
ડીલર — ઓટોમેટિક વાવણિયો — સીંગલ-ડબલ ફાડી પેટી/ઊભી પેટી — સબસીડીપાત્ર (૯-૧૧ દાંતા)
પંજાબ — ભૂંસાનું (કુંવળ) રીપર — ટ્રેક્ટરથી ચાલતું હાર્વેસ્ટરમાંથી નીકળેલો ઘઉંનો ચૂસો ઉપાડી ઝીણું કુંવળ-ફુસેલ-ડૂસ કરી ટ્રોલીમાં ભરતું મશીન
કલ્ટીવેટર (શેવુ) — (ભારે તથા ૩ ફેરોવાળુ - પકોળું) ઊંચી ઘોડી જોઈ — ૨૮ m.m. ૯ દાંતા - ૧૧ દાંતા — સબસીડી પાત્ર (કૃષ્ણા સાથે) વિશ્વકર્મા (માલશા)
જમીની ઝૂડી ડાંગર ઓરવી. — વાદેલી છૂટી ડાંગર ઝૂડી પરાળી દૂર ફેંકતું ડાંગરથ્રેશર — પંજાબનું
ચાલુ કામનો વિડિઓ, વોટ્સએપ, યુટ્યુબ પર જોવા મળશે.
સબસીડી માટે ખેડૂતે જાતે ગ્રામ પંચાયતમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.
(૧) ૭/૧૨ તથા ૮-અ ની નકલ (૨) IFC કોડવાળો કેન્સલ કરેલો ચેક (૩) ચૂંટણીકાર્ડ/આધારકાર્ડ (૪) રેશનકાર્ડ (૫) બેંક ખાતા નંબર
*અરજીના ક્રિયમોને આધીન સબસીડીમાં અલ્પાંતરે નાના-મોટા ફેરફાર પણ કરી શકે.
રોટાવેટર જોઈન્ટ (૬૫) — જોયંટના આકડા, ખોડખી ત્રિકોણ પાર્ટ્સ, રોટાવેટરના ફુલ્લવા તથા ડિસ્કના તવા (ચાકી) મળશે.
ખેડૂતોઓ બેંક લોન લેતા પહેલાં કોટેશન મેળવવું જરૂરી છે. બેંક લોન માટે બનતી મદદ કરવામાં આવશે.
સમજદાર ખેડૂતે સીઝન પહેલાં સાધન વસાવી લેવું જોઈએ.

Excellent Corporation
Leading Manufacturer of CVD/HPHT Lab Grown Diamonds
What are CVD/HPHT Lab-Grown Diamonds?
They are called by different names – engineered diamonds, man-made diamonds, cultured diamonds; but the most accurate way to describe them would be 'sustainable diamonds'. These marvels are a result of advanced technological processes, such as HPHT (High Pressure High Temperature) and CVD (Chemical Vapor Deposition) that help to ethically cultivate them within sophisticated laboratories.
These methods use controlled environmental parameters to replicate the natural growth process of diamonds formed inside the earth's crust. So when a lab diamond is born, its composition includes 100% carbon with no trace elements of boron or nitrogen. This makes them a pure and truly sustainable choice for fine jewelry.
What Would You Prefer?
VS
Lab Grown
Lab Grown Diamonds grow through the same natural crystallisation process as mined diamonds, as well as share the same physical chemical and optical properties.
Production time is 5-15 Days
60-80% cheaper than natural diamonds
Production process is less Environmentally Polluting
Natural
Natural Diamonds have grown inside earth through geological processes from a carbon source and extracted by excavating several tonnes of earth.
Formation time more then million years
Very Expensive
Depth mining is not eco friendly
+91-9727971689
+91-9601830920
www.excellentcorporation.in
excellentcorporation1@gmail.com

નર્મદામાં મતદાર જાગૃત્તિ માટે કોલેજનાં ૧૧૦૦ વિદ્યાર્થીઓ માટે યોજાઇ "સિગ્નેચર ઝુંબેશ"



" અબ વતન દબાયેગા બટન "૨૩ મી એપ્રિલે ગુજરાત-નર્મદા કરશે મતદાન યુવા વિદ્યાર્થીઓએ પોતે મતદાન કરવાની સાથે પોતાના પરિવાર, પડોશીઓ, મિત્રોને પણ મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરીને લોકશાહીને વધુ મજબૂત બનાવવાં લીધો સામૂહિક સંકલ્પ



રાજપીપળા : નર્મદા જિલ્લામાં તા.૨૩ મી એપ્રિલ ના રોજ યોજાનારા મતદાનમાં મતદારો મહત્તમ ભાગ લઈ લોકશાહી શાસન પ્રણાલીને વધુ મજબુત બનાવવાની સાથે તેનું સંવર્ધન થાય તેવા હેતુથી ચૂંટણીપંચ દ્વારા સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદાર જાગૃત્તિનાં હાથ ધરાયેલાં કાર્યક્રમોને પ્રજાસમૂહ તરફથી ભવ્ય પ્રતિસાદ મળી રહ્યો છે, ત્યારે મતદાન માટે મળેલા અધિકાર અન્વયે પોતાના જીવનમાં સૌ પ્રથમ વખત અમૂલ્ય મતાધિકારનાં ઉપયોગ થકી તા.૨૩ મી એપ્રિલે મતદાન કરવા કોલેજમાં અભ્યાસ કરનાર નર્મદા જિલ્લાનાં યુવાધનમાં ઉત્સાહ-ઉમંગ સાથેનો ભારે થનગણાટ જોવા મળી રહ્યો છે.

નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આઇ.કે. પટેલનાં માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લામાં પણ આગામી તા.૨૩ મી એપ્રિલનાં રોજ યોજાનારા મતદાનમાં જિલ્લાનાં તમામ મતદારો અચૂક ભાગ લઈને મહત્તમ મતદાન કરે તેવા આશયથી સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદાર જાગૃત્તિનાં અનેકિધ કાર્યક્રમો જિલ્લામાં યોજાઇ રહ્યાં છે, જેનાં ભાગરૂપે આજે રાજપીપળા મુખ્ય મથકે એમ.આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ અને એમ.આર. કોમર્સ કોલેજ ખાતે યોજાયેલા મતદાર જાગૃતિનાં "સહી ઝુંબેશ" નાં વિશેષ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા યુવા મતોત્સવ કાર્યક્રમમાં અંદાજે ૧૧૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મોટા ભાગે પોતાનાં જીવનમાં પ્રથમ વખત મતદાન માટેનો લ્હાવો મેળવનાર યુવા મતદારોની નોંધપાત્ર હાજરી જણાઇ હતી.

કોલેજ ખાતે ૪૦ બાય ૪ નાં કેન્વાસ ઉપર પોતાની સહી કરીને મતદાર જાગૃત્તિ માટેની આ "સહી ઝુંબેશ" નો પ્રારંભ કરાવ્યો હતો. કોલેજમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અને કોલેજના આચાર્ય ડૉ. શૈલેન્દ્રસિંહ માંગરોલા સહિત આશરે ૪૦ થી ૪૫ જેટલા કોલેજ પરિવારનાં સદસ્યઓએ પણ આ સહી ઝુંબેશમાં ભાગ લઈ અચૂક મતદાન માટેનાં સંકલ્પ કર્યો હતા. અત્રેઉલ્લેખનીયછેકે, રાજપીપળાની ઉક્ત કોલેજ ખાતે દરરોજ પ્રાર્થના બાદ ૯૩.૫ રેડિયો એફ.એમ. દ્વારા મતદાર જાગૃત્તિ કાર્યક્રમ અંતર્ગત આર.જે. દેવકી મારફત "અબ વતન દબાયેગા બટન" મતદાનની અપીલ કરતો ઓડીયો ક્લીપ પ્રસારિત કરીને કોલેજ દ્વારા મતદાર જાગૃત્તિમાં વિશેષ યોગદાન આપવામાં આવી રહ્યું છે.

મનપા કાઉન્સિલરે ડાન્સરને રૂપિયા આપ્યાનો વીડિયો વાયરલ



સુરત

શહેરમાં હાલ એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં એક નાચતી ડાન્સરના મોંમા એક યુવક મોંમા નોટ રાખીને આપતો દેખાઈ રહ્યો છે. થોડા દિવસ અગાઉના વીડિયોમાં દેખાતો નોટ આપનાર યુવક સુરત મહાનગરપાલિકાનો કાઉન્સિલર હોવાનું ખુલ્યું છે. લગ્ન પ્રસંગમાં જાહેરમાં વોર્ડ નંબર ૧૧ના કાઉન્સિલર ઈમરાન હસનભાઈ સોલંકી દ્વારા કરાયેલી હરકતથી હાજર સૌ કોઈ લોકો આશ્ચર્ય ચક્તિ થઈ ગયાં હતાં.

વાઈરલ થઈ રહેલા વીડિયો અંગે વોર્ડ નંબર ૧૧ના કાઉન્સિલર ઈમરાન સોલંકીએ જણાવ્યું હતું કે, મારા મિત્રના લગ્ન હતાં. એમાં હાજર રહ્યો હતો. કોઈએ મને બદનામ કરવા માટે થઈને આ વીડિયો વાઈરલ કર્યો હોય શકે છે.

દાદરા નગર હવેલી બેઠક પરથી શિવસેનાના ઉમેદવારે ફોર્મ ભર્યું

વલસાડ

ગુરુવારે લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે ત્યારે બાકીના ઉમેદવારો ફોર્મ ભરવા માટે નીકળી પડ્યા છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોવાના કારણે ઉમેદવારોમાં દોડાદોડીનો માહોલ સર્જાયો હતો. દાદરા નગર હવેલી બેઠક ઉપરથી ઉમેદવારી નોંધાવનાર શિવસેનાના ઉમેદવાર અંકિતા પટેલ અને સમર્થકોની છેલ્લી ઘડીએ દોડાદોડી થઈ હતી.

મળતી માહિતી પ્રમાણે દાદરા નગર હવેલી બેઠકના શિવસેનાના ઉમેદવાર ગુરુવારે બપોરે ફોર્મ ભરવા માટે કચેરીએ પહોંચ્યા હતા. જોકે, અંકિતા પટેલ સાથે રાખેલું એફિડેવિટમાં ભૂલ નીકળી હતી. જે પગલે સમર્થકો સાથે અંકિતા પટેલ પણ દોડાદોડી કરી હતી.

તો બીજી તરફ લોકસભાના ઉમેદવાર અંકિતા પટેલનું મેન્ડેટ શિવસેનાએ પાછું ખેંચ્યું હોવાની અફવાએ પણ વેગ પકડ્યો હતો. જોકે, અંકિતા પટેલે આ અંગે સ્પષ્ટતા કરી હતી કે, હું શિવસેનાના ઉમેદવાર તરીકે જ ચૂંટણી જંગમાં જ છું.

સરકારી કોન્ટ્રાક્ટના નામે ભીમરાડના ડૉક્ટર સાથે ૧૦ લાખની છેતરપિંડી

નાગપુરના ઠગે મહિલા તબીબ પાસેથી મોટી રકમ પડાવી લીધી

સુરત

ભીમરાડના ડોક્ટર સાથે નાગપુરના ચીટરે રૂપિયા ૧૦ લાખની ઠગાઈ કરી હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભીમરાડ રોડ, ઈકો પોઈન્ટ એપાર્ટમેન્ટમાં રહેતા ડો. ચંદ્રસ્મીતા પ્રદીપભાઈ ડેકીએ આરોપી હર્ષીલ નરેન્દ્ર સુર્યવંશી (પારડી નાગપુર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી હર્ષિલ ફરિયાદી ડો.ચંદ્રસ્મીતા પાસે આપી પોતે એમ.ટેક હોવાનું જણાવી કોન્ટ્રાક્ટનું કામ કરતા હોવાનું બતાવી ફરિયાદીને વિશ્વાસમાં લઈ રૂપિયા ૧૦ લાખ મેળવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.ખટોદરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મકાનમાંથી ૫.૯૦ લાખની મતાની ચોરી

રોકડા તથા દાગીના લઈને તસ્કરો છુમંતર

સુરત

ઓલપાડ તાલુકાના અશોક નગર ખાતે આવેલા એક મકાનના બેડરૂમની બારીની ગ્રીલ તોડ રૂા.૫.૯૦ લાખની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઓલપાડ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે ઘરફોડ ચોરીનો બનાવ નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ તાલુકાના અશોક નગર ખાતે ભેરૂલાલ કનૈયાલાલ રહે છે. અશોક નગરમાં મકાન નંબર ૮માં રહેતા ભેરૂલાલ નિવૃત્ત છે. ગત તા.૨૯મી માર્ચથી આજદિન સુધીમાં તેમના બંધ મકાનમાં બેડરૂમની બારીની ગ્રીલ તોડી તસ્કરો અંદર પ્રવેશી કબાટનું લોક તોડી ૩.૪૦ લાખ રૂા.ના સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા ૨.૫૦ લાખ મળી કુલ્લે ૫.૪૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઓલપાડ પોલીસ મથકમાં નિવૃત્ત આધેડે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ગુનાવાળી જગ્યાનું નિરિક્ષણ કર્યુ હતું. આ ઉપરાંત પોલીસે શકમંદો ની પણ પુછપરછ શરૂ કરી હોવાનું જણાવ્યું હતું.

રાજપીપળા સ્ત્રી અધ્યાપન મંદિરમાં ભાવિ શિક્ષિકાઓનો વિદાય સમારંભ યોજાયો



રાજપીપળા : રાજપીપળા ખાતે આવેલ સ્ત્રી અધ્યાપન મંદિરમાં ઈનામ વિતરણ,પ્રમાણપત્ર વિતરણ તેમજ દ્રિતીય વર્ષની તાલીમાર્થી બહેનોનો વિદાય સમારંભ એમ ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત સમૂહમાં સંગીતમય પ્રાર્થના સાથે થઈ હતી.ત્યાર બાદ આમંત્રિત મહેમાનોએ દીપ પ્રગટન કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. બધા મહેમાનોનું સ્વાગત પુસ્તક દ્વરા કરવામાં આવ્યું હતું.ત્યાર બાદ વર્ષ ભર યોજાયેલી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં વિજેતા થયેલ બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવેલ જેમાં પ્રથમ વર્ષની તાલીમાર્થી વૈશાલી તડવી અને સોલંકી ઝંખનાએ તેમજ દ્વિતીય વર્ષની પઢિયાર હિરલ અને ગોહિલ પ્રિયંકાએ પોતાના તાલીમાર્થીઓ, હોસ્ટેલ તેમજ કોલેજ સાથેના અનુભવો વાગોળ્યા હતા.ત્યાર બાદ વર્ષભર કોલેજમાં મોનીટર અને શિક્ષણ મંત્રી તરીકેની કામગીરી કરનાર તાલીમાર્થીઓને આચાર્યા ભારતિબેન ભાવસારે પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત ભુતપૂર્વ ઈ.આચાર્યા ભદ્રબેન પરીખે તાલીમાર્થીઓને આશીર્વચન આપતા જીવનમાં સતત આગળ વધતા રહેવાનુ અને નવું શીખતું રહેવાની પ્રેરણા આપી હતી . સી.વી.વસાવાએ પોતાના વક્તવ્યમાં બુનિયાદી શિક્ષણની લાક્ષણિકતાઓ જણાવી જીવનમાં તાલીમનું મહત્વ સમજવ્યું હતું અને ભવિષ્યમાં જ્યારે પણ જરૂર હોય ત્યારે કોલેજના દ્વાર તમારા માટે હમેશા ખુલ્લા છે તેમ જણાવ્યુ હતું. કાર્યક્રમના અંતે વસાવા શરાદિબેન અને સંજનાબેને વિદાયગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ મનીષાબેન ગૂર્જરે જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.વિમલ મકવાણાએ કર્યું હતું .

બલેશ્વર પંચાયતની જગામાં દુકાનનું બાંધકામ શરૂ કરી દેનારને ફટકારાયો

રૂપિયાની માંગણી કરી હુમલો કરાતા પોલીસ ફરિયાદ

સુરત

પલસાણા બલેશ્વર ગામ ખાતે એક ઈસમને નજીવી બાબતમાં ધક્કો મારી પેટ તેમજ પીઠના ભાગે લાતો મારી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ પલસાણા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે મારા મારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના બલેશ્વર ગામના ખાટા મહોલ્લામાં અઝીમખાન અજીજખાન પઠાણ રહે છે. ગત દિવસોમાં અઝીમખાન પઠાણ બલેશ્વર ગામના ટાંકી ફળીયાના સાંકડા પુલ ઉપર બેઠો હતો. ત્યારે યુસુફભાઈ માંકડા નામના આરોપી ત્યાં આવ્યો હતો. ત્યારબાદ અઝીમ ખાને તેમને જણાવ્યું હતું કે મારી માલિકીની ભાડા વાળી રૂમોવાળી બિલ્ડિંગ છે. જે બિલ્ડિંગની આકારણી અલગ-અલગ કરવાની છે. ત્યારે આરોપી યુસુફ માંકડાએ જણાવેલુ કે તમે પંચાયતની જગ્યામાં દુકાનો બાંધી છે. એટલે આકારણીના વધારે નાણા આપવા પડશે તેમ જણાવી પેટ તેમજ પીઠના ભાગે લાતો મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે આઈપીસી ૩૨૩ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રતિબંધિત કેમિકલ વેચતી દુકાન પર દરોડા, ૧૦૦ બોટલ જપ્ત

સુરત

કતારગામ વિસ્તારમાં આવેલી એક ગ્રીન લેન્ડ શોપમાંથી એગ્રી ફિલ્ડ કોપ કેરમાંથી જંતુનાશક દવા બનાવવાનું પ્રતિબંધિત કેમિકલની બોટલ મળી આવી હતી. ડેપ્યુટી ડાયરેક્ટર એગ્રીકલ્ચર દ્વારા પાડવામાં આવેલી રેડમાં સો એમએલની બોટલ ઝડપાઈ હતી. અને બોટલો જપ્ત કરી સેમ્પલને રાષ્ટ્રીય સ્તરની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

કતારગામની એગ્રી ફિલ્ડ કોપ કેર દ્વારા મોટાપાયે બાયો પેસ્ટિસાઈડ વેચાતું હોવાની ફરિયાદ મળી હતી. જેથી અગ્રીકલ્ચર વિભાગ દ્વારા રેડ પાડવામાં આવી હતી. જેમાં પ્રતિબંધિત કેમિકલની સો બોટલ મળી આવી હતી. જાદુ નામથી વેચાતા આ પેસ્ટિસાઈડનો ઉપયોગ ખેતીમાં થાય છે. આ પેસ્ટિસાઈડ સીટીપીઆર નામના કેમિકલમાંથી બને છે. જોકે. આ કેમિકલ ભારતમાંથી ખરીદવાને બદલે ચીનથી મંગાવી કેમિકલનો ઉપયોગ કરીને પેસ્ટિસાઈડ બનાવવામાં આવતી હોવાની શંકા વ્યક્ત કરાઈ રહી છે.

કલોરનેટ ટ્રાની લીપરોલ નામની કેમિકલ ભારતમાં પેટન્ડેડ હોવાથી પણ તેના જેવા ભળતા કેમિકલથી પેસ્ટિસાઈડ બનાવીને વેચાતું હોનામી ફરિયાદ મળી હતી. જેથી થેતી નિયામક એનજે ગામીન, મદદનીશ ખેતી નિયામક કથીરિયા સહિતની સાત સભ્યોની ટીમ દ્વારા રેડ પાડી જથ્થો જપ્ત કર્યો હતો. એન જે ગામીતે જણાવ્યું હતું કે, સેમ્પલ રિપોર્ટમાં પ્રતિબંધિત કેમિકલ હોવાનું પુરવાર થાશે તે કંપની સામે પેસ્ટિસાઈડ એક્ટનો ગુનો નોંધી આગલની કાર્યવાહી કરવામાં આવશે.

જમીન એનએ કરવાના મહાકૌભાંડમાં મુખ્ય સૂત્રધાર દેવેન્દ્રકુમારની ધરપકડ

સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે અમદાવાદના દેવેન્દ્રકુમાર પટેલના ૭ દિવસના રિમાન્ડ મેળવ્યા

સુરત

ખેતીની જમીન બિન ખેતીમાં રૂપાંતરિત કરવા માટે ઓનલાઈન પ્રોસેસમાં બોગસ દસ્તાવેજો રજૂ કરી ખેડૂતો વતી અરજી કરનાર અમદાવાદના મુખ્ય સૂત્રધાર દેવેન્દ્ર કુમાર પટેલની ડીસીબી પોલીસે ધરપકડ કરી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તમામ ખેડૂતોની ઓનલાઈન અરજી વખતે આરોપી દેવેન્દ્ર કુમારે તમામ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર રજૂ કર્યો છે.

ખેતીની જમીન બિનખેતી કરવા માટે ઓનલાઈન પ્રોસેસમાં ડીડીઓ અને નગર નિયોજનના સહી સિક્કાવાળા ખોટા દસ્તાવેજો રજૂ કરી હાલ સાત જેટલા ખેડૂતોની સામે સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસે ડીડીઓ કચેરીની સિનિયર ક્લાર્ક દિલીપ નારણ પટેલની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

ડીડીઓ કચેરીએ આરોપી નગીન અમાઈદાસ (ઉમરા), પ્રફુલ છગન (ઉમરા) ગિરિશ વેલજી ગાબાણી (પારિયા), ભુપત આંબા ગાબાણી (રહે. અસામ), રાઘવ મનજ (કામરેજ), ચિરાગ તળશજી મોરડિયા (કરમલા), રમેશ ગોરધન સોનાણી (સાંધિયેર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ ગયા વર્ષે ખેતીની જમીન બિનખેતીની કરવા માટે ઓનલાઈન અરજી કરી હતી. આ અરજીમાં રજૂ કરાયેલા સરકારી દસ્તાવેજો બોગસ હોવાનું તપાસમાં ખુલ્યુ હતું. જેના આધારે ડીડીઓ કચેરીએ સુરતની ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ સુરત જિલ્લામાં ખેતીની જમીન બિનખેતીની કરાવવા માટે મસમોટું કૌભાંડ ચાલી રહ્યું છે. કેટલીક ખેતીની જમીનો ઉપરનો પ્રોજેક્ટો પણ મુકી દેવાયા છે. એન.એ કરવા માટે લાખ્ખો રૂપિયાની લાંચ લેવામાં આવે છે.

ક્રાઈમ બ્રાંચ પોલીસે ફરિયાદ બાદ ડીડીઓ કચેરી પાસેથી દસ્તાવેજો અને પુરાવા મેળવી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ દેવેન્દ્ર કુમાર પટેલની ધરપકડ કરી સાત દિવસના પોલીસ રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. તેમજ ખેડૂતોને પણ બોલાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

સાયણ તળાવમાં ડૂબી જતા યુવાનનું મોત

સુરત

ઓલપાડના સીમલથુ ગામના તળાવમાં ગત બે દિવસ પહેલા ડુબેલા યુવાનની લાશ આજે મળી આવતા ફાયર સ્ટાફ દ્વારા કિમ પોલીસ મથકના કોન્સ્ટેબલને હવાલે કરવામાં આવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી કે સાયણ સુગર નજીક સીમલથુ ગામના તળાવમાં યુવાન ડુબી ગયો છે. બનાવની જાણ થતા જ ફાયર સ્ટાફ સ્થળ ઉપર પહોંચી તળાવમાં ડુબેલ યુવાનની લાશને બહાર કાઢી કિમ પોલીસને કબજો સોંપ્યો હતો. મૃતક યુવકનું નામ દેસાઈ વિજય લાલીયા (ઉ.વ.૩૪, રહે. ધુલે પીપરડીગામ) બે દિવસ અગાઉ તળાવમાં ડુબી ગયો હતો. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વર્ષ ૨૦૧૩માં ગુજરાતની સૌથી મોટી દારૂ પકડાવાની ઘટના ફરી એકવાર આવી ચર્ચામાં

ગુજરાતના નામચીન બૂટલેગરો કૈલાશ રાઠી,બાબુ મારવાડી, વિજુ સિંધી,પરેશ દુધવાલા સહિત આ કેશના ૯ આરોપીઓ કોર્ટમાં ૬ વરસથી હાજર જ થયા નથી



ફાઈલ તસ્વીર

કોણ કોણ ગુનેગારો છે...

(૧) ઈમરાન નજમુદ્દીન ખાન, રહે. માધવનગર, રઝાબિલ્ડીંગ, પાંચમો માળ, રૂમ નં- ૫૦૪, આર.એ.કે. રોડ, વડાલા, મુંબઈ-૩૧ (૨) મહંમદસાદીક અબ્દુલગફાર શેખ, રહે. ચાર રસ્તા રાજપીપલા રોડ, નેત્રંગ, તા. વાલીયા, જિ. ભરૂચ (૩) બળદેવ ઉર્ફે ગુરૂ સુંદરદાસ વૈષ્ણવ, હાલ રહે. ઈંદીરા આવાસ તરોપા ગામ, તા. નાંદોદ, જિ. નર્મદા, મૂળ સાંચોએ, જિ. જાલોર, રાજસ્થાન (૪) રીજુલાલ ઉર્ફે રાજુ ભાખરસીંગ રાણા, હાલ રહે. ઈંદીરા આવાસ તરોપા ગામ, તા. નાંદોદ, જિ. નર્મદા, મૂળ રહે. બાડમેર, રાજસ્થાન (૫) નિર્મલ S/o લાલુ લવજી ડીડોર હાલ રહે. ઈંદીરા આવાસ તરોપા ગામ, તા. નાંદોદ, જિ. નર્મદા, મૂળ રહે. કાલીકણપાડા, તા.જિ. બાંસવાડા, રાજસ્થાન (૬) મગનભાઈ કાળુભાઈ મકવાણા, હાલ રહે. ઈંદીરા આવાસ તરોપા ગામ, તા. નાંદોદ, જિ. નર્મદા, મૂળ રહે, બાગીદોરા, જિ. બાંસવાડા, રાજસ્થાન (૭) નીલેશ ઉર્ફે લાલો મગનભાઈ માછી, હાલ રહે. સંખેડા સ્ટેટ બેંકના ખાંચામાં, તા. સંખેડા, મૂળ રહે. વિદ્યાનગર, હરિઓમ નગર-૧, તા.જિ.-આણંદ (૮) કૈલાસ ગોવિંદરામ મહેશ્વરી ઉર્ફે કૈલાશ રાઠી રહે. સંજીવની હોસ્પિટલ પાસે, એસ.ટી. ડેપોની બાજુમાં, બહાદુરગઢ, દિલ્હી બોર્ડર હરિયાણા (૯) વિનોદ ઉર્ફે વિજુ ઉર્ફે વિજય મુરલીધર ઉદવાણી, હાલ રહે. એ/૮, વલ્લભ કોમ્પલેક્ષ, જૈન દેરાસરની બાજુમાં, મહાવીર હોલ, ચાર રસ્તા, વડોદરા (૧૦) પરેશ જયકીશન ઉર્ફે જેકિશનદાસ દુધવાલા, હાલ રહે. બંગલા નં.બી/૫/૬, દિવ્યપ્રભા સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત (૧૧) બાબુલાલ S/o સોહનલાલ લુમ્બાજી શાહ (જૈન) ઉર્ફે બાબુ મારવાડી, હાલ રહે.૩૪, મોતીનગર સોસાયટી, શાસ્ત્રી રોડ, બારડોલી, જિ. સુરત (૧૨) ભરતભાઈ કોકો શાહ, રહે. સુરત રેલ્વે સ્ટેશનની બાજુમાં, મૂળ રહે. મહેશખૂટ, નવા બજાર, થાણા ગોગરી, જમાલપુર, જિ. અગરીયા, બિહાર (૧૩) વિશ્વાસભાઈ અમરસિંહ વલવી, રહે. તારાપુર, મંદિર ફળીયુ, તા. નવાપુરા, જિ. નંદુરબાર

રાજપીપળાની એડીશનલ jmfc કોર્ટમાં આ કેશ પેન્ડિંગ છે.સમન્સ અને પકડ વોરંટ જાહેર કરવા છતાં પણ આરોપીઓ કોર્ટમાં હાજર થતા નથી કોર્ટે તમામ સામે crpc કલમ ૮૨ મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું.તમામ ૯ આરોપીઓને ૩૦ દિવસમાં હાજર થવા ફરમાન.

રાજપીપળા : દેશની સૌથી મોટી વિદેશી દારૂની રેડ ૨૦૧૩ માં નર્મદાના ચિત્રોલ ખાતે થઈ હતી. જેમાં ગુજરાતના નામચીન બૂટલેગરો કૈલાશ રાઠી,બાબુ મારવાડી,વિજુ સિંધી,પરેશ દુધવાલા સહિત આ કેશના ૯ આરોપીઓ કોર્ટમાં ૬ વરસથી હાજર જ થયા નથી.જે છેલ્લા ૬ વર્ષ થી ભાગતા ફરતા હોય તમામ ને ૩૦ દિવસમાં હાજર થવા રાજપીપળાની કોર્ટે તમામ સામે crpc કલમ ૮૨ મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત ૧૧ એપ્રિલ ૨૦૧૩નાં રોજ નર્મદા જિલ્લાનાં ચીત્રોલ ગામે તત્કાલીન સુરત આઈજીપી હસમુખ પટેલની ટીમે રેઇડ કરી હતી જેમાં કુલ ૨,૮૪,૦૪,૦૦૦ની કિંમતની ૧,૧૭,૭૩૨ વિદેશી દારૂની બોટલ પકડાઈ હતી, સાથે ૭૪ લાખનાં વાહનો સાથે કુલ-૩,૫૮,૨૮,૯૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરીને કુલ ૧૯ આરોપીઓ સામે FIR થઈ હતી.હાલ સુરેન્દ્રનગર SP મહેન્દ્ર બગડિયાએ આ રેઇડ કરી હતી. આ કેશનાં ફરિયાદી વાપી ASP નાં રીડર PSI ડી.એમ.મિશ્રા (હાલ ભાવનગર પીઆઇ)એ રાજપીપલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

આ કેશની તપાસ ચાલતા કુલ ૧૯ આરોપીઓની ધરપકડ કરાઈ હતી,કોર્ટમાં કેશ ચાલવા છતા પણ ૯ આરોપી લિકર માફિયા હાજર થતા નથી.રાજ્યમાં દારૂબંધીનાં કડક અમલમાં આ માફિયાઓ બાધારૂપ બન્યા હોવા છતાં પોલીસ પકડ બહાર છે. ત્યારે રાજ્યમાં ચૂંટણીનો માહોલ છે ત્યારે રાજપીપળાની એડીશનલ jmfc કોર્ટમાં આ કેશ પેન્ડિંગ હાથ પર લઈ આજે કોર્ટે તમામ સામે crpc કલમ ૮૨ મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. તમામ ૯ આરોપીઓને ૩૦ દિવસમાં હાજર થવા ફરમાન કર્યું છે

નાંદોદના વાવડી રામપુરા રોડના ખેતર પાસે અજાણ્યો યુવાન સળગી ગયેલી મૃત હાલતમાં મળતા અનેક શંકા

આ યુવાનને મારી ને સળગાવી દીધો છે કે કોઈ કારણોસર સળગી ગયો છે એ રહસ્ય પીએમ બાદ બહાર આવશે

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વાવડી રામપુરા રોડ પર ગતરોજ એક અજાણ્યા યુવાનનો સળગી ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા અનેક શંકાઓ સેવાઈ રહી છે

હાલ રાજપીપળા પોલીસે અજાણ્યા યુવાનના મૃતદેહને પીએમ માટે મોકલવા તજવીજ હાથ ધરી અ.મોત નો ગુનો દાખલ કર્યો છે બાકી આ યુવાનની હત્યા કરી મૃતદેહ સળગાવી નાખ્યો છે કે અન્ય કોર કારણોસર એ સાદગી ગયો છે એ રહસ્ય પીએમ રિપોર્ટ બાદ બહાર આવશે ત્યારે આ કેસ ની તપાસ રાજપીપળા પો.સ્ટે.ના પીએસઆઈ જે આર ગામીત કરી રહ્યા છે .

નર્મદા એલસીબી એ રાજપીપળામાં જુગારધામ પર રેડ કરતા ૧૬ હજારના જુગાર સાથે ચારને ઝડપી લીધા

રાજપીપળા : રાજપીપળાના ખારાં ફળિયા ખાતે એક ઘરના ઓટલા ઉપર આંકડા જુગારનો વેપલો કરતા હોવાની નર્મદા એલસીબી ને બાતમી મળતા ત્યાં રેડ કરી ચાર જુગારીયાઓ પૈકી મેહુલ વસંતભાઈ વસાવા રહે ખારાફળીયા, રાજપીપલા, ગૌતમ ઉર્ફે કુંદન મનહરભાઈ દંતાણી રહે. નરસીંહ ટેકરી, રાજપીપલા, નટવર શંકરભાઈ વસાવા રહે. મોટીચીખલી, તા.નાંદોદ, જી.નર્મદા, તેમજ અલ્કેશ સોમાભાઈ વસાવા રાજપીપલા પાસેથી રોકડા રૂપિયા ૧૫,૭૫૦/-તેમજ એક મોબાઈલ જેની કિંમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૧૬,૨૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે .

આકરી ગરમીના કારણે રાજપીપળા એસટી ડેપોમાં મુસાફરોમાં ઘટાડો, ડેપોની આવક ઘટી



રાજપીપળા એસટી ડેપોમાં બસો માંથી ઉતારતા મુસાફરોનું લાઈન ચેકરો દ્વારા વારંવાર ચેકીંગ થતા પાસ ધરાવતા વિદ્યાર્થીઓ માં ફફડાટ રાજપીપળા એસટી ડેપોમાં રોજની ૪ થી ૪.૫૦ લાખની આવક પરંતુ હાલ પરીક્ષાઓ અને આકરી ગરમીમાં ફરવા જતા મુસાફરો ઘટતા ઘટાડો

રાજપીપળા : નર્મદા જિલ્લાનું મોટું રાજપીપળા ડેપો કેટલીક સુવિધાઓ બાબતે ભલે વગોવાયેલો હોય પરંતુ ડેપોની આવક સારી હોવાથી અગાઉના વર્ષોમાં ખોટ કરતી એસટી નિગમ હાલ સારી આવક મેળવી રહી છે જોકે હાલ ગરમીના કારણે અમુક ટકા મુસાફરો જરૂર ઘટ્યા છે સાથે છેલ્લા ત્રણેક દિવસથી ડિવિઝન, ઈન્ટર ડિવિઝનના લાઈન ચેકરો ?વારા જ સવારે આવતી બસો માંથી ઉતારતા મુસાફરો અને પાસ ધરાવતા વિદ્યાર્થીઓના ચેકીંગ થી વિદ્યાર્થીઓમાં ફફડાટ જરૂર જોવા મળે છે પરંતુ આ રૂટિન કાર્ય છે કેમકે અગાઉ લાલા ટિકિટ (મફત) માં મુસાફરી કરતા કેટલાક મુસાફરો અને અમુક રોકડી કરતા સ્ટાફના કારણે એસટી ને ઘણી ખોટ સહન કરવી પડતી હતી પરંતુ હાલ અચાનક ચેકીંગ સહીત બસોમાં લાગેલા જીપીએસના કારણે આવકમાં નોંધપાત્ર વધારો થયો છે .

ડેપો મેનેજર એન.એમ.કલ્યાણી ના જણાવ્યા મુજબ હમણાં રાજપીપળા એસટી ડેપોની રોજની આવક માં થોડોક ઘટાડો થયો છે બાકી ગરમી પેહલા રોજની આવક ૪ થી ૪.૫૦ લાખ હતી પરંતુ હાલ ગરમીનું પ્રમાણ ઘણું વધ્યું અને પરીક્ષાઓના કારણે બહાર ફરવા જતા મુસાફરોની સંખ્યા ઘટી હોય રોજની આવકમાં ૫૦ હજાર જેવો ઘટાડો નોંધાયો છે .

રોજ ચેકીંગ કરતા લાઈન ચેકારો બાબતે પૂછતાં કલ્યાણી એ જણાવ્યું કે એમનો પ્રોગ્રામ દર મહિને હોય જેમાં ડિવિઝન અને ઈન્ટર ડિવિઝન માંથી પ્રોગ્રામ લઈ ચેકારો આવતા હોય છે પરંતુ પેહલાની જેમ કોઈ ખાસ વગર ટિકિટના મુસાફરો મળતા નથી છતાં ઉપરથી કાર્યક્રમ મુજબ ચેકીંગ કરાય છે ક્યારેક મારે પણ અમુક જગ્યા એ ચેકિંગમાં જવું પડતું હોય છે પરંતુ હવે મુસાફરો ટિકિટ લેવા ટેવાઈ ગયા છે .

નર્મદામાં બેફામ દોડતા પેસેન્જર વાહનો પર લગામ ક્યારે... ડેડીયાપાડામાં રીક્ષા પલટી ખાતા એક મહિલાનું મોત,ચારને ઈજા થતા સારવાર હેઠળ

રાજપીપળા : નર્મદા જિલ્લા બેફામ અને ઓવરલોડ દોડતા ખાનગી અને પેસેન્જર વાહનો પર પોલીસ કે આરટીઓ કોઈ ખાસ કાર્યવાહી ન કરતા આડેધડ મુસાફરો ભરી જતા વાહનો નિર્દોષ લોકોના ભોગ લે છે તેમ છતાં તંત્ર પોતાના અંગત સ્વાર્થ માટે આંખ આડા કાન કરી તમાસો જુવે છે . પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડા થી પાનસર જવાના માર્ગ ઉપરથી મુસાફરો ભરી પુરપાટ જતી રીક્ષા નં. GJ-22-U-1380 નો ચાલક હિતેશભાઈ મુળજીભાઈ વસાવા રહે-કંકાલા



તા.ડેડીયાપાડા જી.નર્મદા નાએ પોતાનાની રીક્ષા પાનસર ગામ જતા રોડ ઉપર પલટી ખવડાવી અંદર બેઠેલા મુસાફરો પૈકી સવિતાબેન તુલીયાભાઈ વસાવા ઉ.વ.૫૦ નાઓનુ સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સુમિત્રાબેન જગદીશભાઈ વસાવા તથા રમીલાબેન વિજયભાઈ વસાવા, સવિતાબેન તુલસીભાઈ વસાવા તેમજ કિશનભાઈ નરસિંહભાઈ વસાવાને ગંભીર ઈજા પહોંચાડી ગુનો કરતા પોલીસે રીક્ષા ચાલાક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે .

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

અ'વાદના વેપારી દ્વારા સુરતના વેપારી સાથે ૯.૪૦ લાખનું ચીટિંગ

સાડીનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી છેતરપિંડી

સુરત

અમદાવાદના વેપારીએ સુરતના વેપારી સાથે રૂપિયા ૯.૪૦ લાખની ઠગાઈ કરી હતી. સાડીનો જથ્થો ખરીદ્યા બાદ પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાન અને ફોન બંધ કરી અમદાવાદનો વેપારી નાસી ગયો. સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘોડદોડ રોડ સૂર્ય કિરણ એપાર્ટમેન્ટમાં રહેતા અને રિંગરોડ અભિનંદન ટેક્સટાઈલ્સ માર્કેટમાં ગૌરીપતિ સારીઝ ધરાવતાં તુષાર અરવિંદભાઈ મિત્તલ પાસેથી આરોપી રાકેશ રામચંદ્ર ગૌડે (શ્રી સિદ્ધિ વિનાયક ટેક્સટાઈલ્સ, અમદાવાદ) રૂા. ૯,૪૦,૪૩૩ની કિંમતની સાડી ખરીદી હતી. ૨૫ દિવસમાં પેમેન્ટ ચૂકવવાનો વાયદો કર્યા બાદ આરોપી વેપારીએ પેમેન્ટ નહીં ચૂકવી ફરિયાદી સાતે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. તેમજ આરોપી દુકાન અને મોબાઈલ ફોન બંધ કરી ઉઠમણું કરી ગયો હતો. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.inમાં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847